સુવિચાર

કોઈનો સારો અને સરળ સ્વભાવ એની કમજોરી નથી હોતી સાહેબ, પણ એ એને મળેલા સંસ્કાર હોઈ છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ઉતરાયણના તહેવાર પૂર્વે ચાઈનીઝ દોરી વેંચતા બે વેપારી પોલીસની ઝપટે ચડ્યા P-4

Year-16, Issue-195 ■ DATE : 01-12-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## આજથી આધાર, ઓનલાઈન બેંકિંગ સેવા સહિત ૭ મોટા ફેરફારો અમલમાં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ડિસેમ્બર મહિનો શરૂ થઈ ગયો છે, અને આજથી ઘણા મોટા ફેરફારો અમલમાં આવ્યા છે. એલપીજી સિલિન્ડરના ભાવમાં સુધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલ, ડીઝલ અને એટીએફના નવીનતમ દરો જાહેર કરવામાં આવ્યા છે. દરમિયાન, સરકારી કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ સમાચાર એ છે કે તેઓ હવે તેમની પેન્શન યોજનાઓમાં ફેરફાર કરી શકશે નહીં. ૧ ડિસેમ્બરથી, ઓનલાઈન બેંકિંગ નિયમોમાં પણ કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. આધાર કાર્ડ અપડેટ્સ અંગે પણ મહત્વપૂર્ણ એ છે કે નામ, સરનામું અને જન્મ તારીખ જેવી વિગતોમાં ફેરફાર કરવાનું સરળ બન્યું છે. UIDAI એ નવો આધાર બનાવવા અને અપડેટ કરવા માટે માન્ય દસ્તાવેજોની યાદી પણ અપડેટ કરી



છે. આજથી, ૧ ડિસેમ્બરથી, તમારું આધાર કાર્ડ સરળતાથી અપડેટ થશે. તમે હવે તમારા આધાર કાર્ડ પર નામ, સરનામું અને જન્મ તારીખ જેવી માહિતી સંપૂર્ણપણે ઓનલાઈન અપડેટ કરી શકો છો. આ નવી અપડેટ પ્રક્રિયા તમારા PAN કાર્ડ અથવા પાસપોર્ટ જેવા સરકારી રેકોર્ડ સામે ડેટા ચકાસશે. તમે તમારો મોબાઈલ નંબર પણ ઓનલાઈન અપડેટ કરી શકો છો. UIDAI એ એક નવી આધાર એપ પણ લોન્ચ કરી છે. માન્ય દસ્તાવેજોની નવી યાદી પણ જાહેર કરવામાં આવી છે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે એલપીજી ગેસ સિલિન્ડરના ભાવ જાહેર કરે છે. ક્યારેક ભાવ સમાન રહે છે, અને ક્યારેક તે અપડેટ થાય છે. ૧લી ડિસેમ્બરે, ઓઈલ કંપનીઓએ ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કર્યો ન હતો, પરંતુ ૧૯ કિલોગ્રામ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં રૂ.૧૦નો ઘટાડો કર્યો હતો.

૧લી ડિસેમ્બરથી, ઘણી બેંકો અને નાણાકીય કંપનીઓ ઓનલાઈન બેંકિંગ, UPI, ક્રેડિટ અને ડેબિટ કાર્ડ ચાર્જ અને રોકાણ નિયમોમાં ફેરફાર લાગુ કરી રહી છે. કેટલીક બેંકો કાર્ડ વ્યવહારો પરના ચાર્જમાં ફેરફાર કરશે. બેંકિંગ એપ્લિકેશન્સમાં સુરક્ષા સેટિંગ્સમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. બેંકોના જણાવ્યા અનુસાર, ગ્રાહકોએ તેમની બેંકિંગ એપ્લિકેશન્સમાં સૂચનાઓ પર ધ્યાન આપવું મહત્વપૂર્ણ છે.

# સંસદના શિયાળુ સત્રનો તોફાની પ્રારંભ

### સરકાર વિમા સુધારા સહિતના ૧૦ ખરડાઓ રજૂ કરવા તૈયારઃ 'સર'-BLOની આત્મહત્યાના મુદ્દા ગાજ્યા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બિહાર સહિતની વિધાનસભા ચૂંટણીઓના વિજયથી મળેલા નવા આત્મવિશ્વાસ સાથે મોદી સરકાર આજથી શરૂ થયેલા સંસદના શિયાળુ સત્રમાં અનેક મહત્વના ખરડાઓ સાથે વધુ એક વખત આગળ વધવા તૈયાર છે. તા.૧૯ ડિસેમ્બર સુધી ચાલનારી સંસદમાં ૧૫ બેઠકો થશે. પરંતુ વિપક્ષે 'સર'ના મુદ્દે સંસદમાં સરકારને ઘેરવા તૈયારી કરી છે અને તેથી જ શિયાળુ સત્રનો પ્રારંભ જબરદસ્ત હંગામાથી થશે.

બીજી તરફ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી તથા વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામે નેશનલ હેરલ્ડ કેસમાં જે નવી એફઆઈઆર નોંધાઈ છે તે મુદ્દે કોંગ્રેસ સંસદમાં કામકાજ ખોરવે તેવી શકયતા છે.

બિહાર ચૂંટણીમાં બહુ ગાજેલા 'સર'ના મુદ્દે ગુજરાત સહિતના રાજયોમાં આ કવાયત શરૂ થઇ છે તેમાં બીએલઓની આત્મહત્યાનો મુદ્દો સંસદમાં ગાજશે અને વિપક્ષોએ આ ઉપરાંત દિલ્હી બ્લાસ્ટના મુદ્દે વધુ એક વખત સરકાર પહેલગાવ બાદ હુમલાને ખાળવામાં નિષ્ફળ રહી છે તે મુદ્દે પણ ધમાલ મચાવશે.

આ ઉપરાંત સરકાર દ્વારા જે રીતે વિપક્ષ શાસનના રાજ્યમાં રાજયપાલોની ભૂમિકા અંગે રાષ્ટ્રપતિના રેફરન્સનો મુદ્દો પણ ગાજી શકે છે. ગઈકાલે જ મળેલી સર્વપક્ષીય બેઠકમાં સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજજૂએ કહ્યું હતું કે અમે વિપક્ષની દરેક વાત માનવા તૈયાર છીએ પરંતુ ધાંધલ ધમાલ સ્વીકાર્ય બનશે નહીં.

સરકારે આ સત્રમાં રજુ કરવા માટે વિમા સંશોધન બીલ જેમાં વિદેશી કંપનીઓને ૧૦૦ ટકા મુડી સાથે ભારતમાં પ્રવેશ આ ઉપરાંત નેશનલ હાઈવે સુધારા સહિતના ૧૦ જેટલા ખરડાઓ રજુ કરવા તૈયારી કરી છે.

આ ઉપરાંત સંસદના આ સત્રમાં દિલ્હી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ ધનંજય વર્મા સામે જે મહાભિયોગનો પ્રસ્તાવ છે તે મુદ્દે પણ ચર્ચા અને નિર્ણયની શકયતા છે. આમ સરકાર અને વિપક્ષ બંને આ મુદ્દે હથિયાર સાથે પહોંચ્યા છે.

આજથી શરૂ થયેલા સંસદના શિયાળુ સત્ર પૂર્વે વડાપ્રધાને વિપક્ષો પર આકરો પ્રહાર કરતા જણાવ્યું કે, કેટલાક પક્ષો હાર પચાવી શકતા નથી પરંતુ સંસદમાં હવે નવા સભ્યો અને યુવાઓને તક મળવી જોઇએ.

મોદીએ જણાવ્યું કે, સંસદમાં ડ્રામા નહીં ડિલીવરી મહત્વનું આપવું છે મોદીએ જણાવ્યું કે સુત્રોચ્ચાર માટે પુરો દેશ પડયો છે પરંતુ સંસદ પર દેશના લોકોની નજર હોય છે અને આપણે તે જવાબદારી નિભાવવી જોઇએ.

મોદીએ કહ્યું કે, ભારતે એ સાબિત કરી દીધુ છે કે ડેમોક્રેસીથી ડિલીવર થઇ શકે છે. આર્થિક પ્રગતિ દેશને વિકસીત ભારત ભણી લઇ જઇ રહી છે. મોદી આજે સંસદ ભવન પહોંચ્યા ત્યારે તેમની સાથે સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજજૂ પણ જોડાયા હતા.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૪/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૪/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૨૯,૮૭૦ | ₹૧,૮૫,૦૦૦ |
| | +૧૩૬૦ | +૯૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૩૫ | ₹૧૧૮.૨૫ |

## કચ્છ-મોરબી હાઈવે પર એલપીજી ગેસ ટેન્કરમાં આગ ભભૂકતા દોડધામઃ પાંચ વાહનો ભસ્મીભૂત

**મુખ્ય સમાચાર, મોરબી**

કચ્છ- મોરબી હાઇ-વે ઉપર ગતરાત્રીના એલપીજી ગેસ ટેન્કર પલ્ટી જતા આગ ભભૂકતા આજુબાજુના ૫ વાહનો ભસ્મીભૂત થતા દોડધામ મચી ગઇ હતી. જો કે કોઇ જાનહાની થઇ ન હતી.

કચ્છના ભચાઉ નજીક એલપીજી ભરેલા ટેન્કરમાં સામખીયાળી માળીયા હાઇવે ટેન્કરમાં બ્લાસ્ટ થતા આગ લાગી હતી. ફાયર ફાયટર ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતા. આગ એટલી વિકરાળ હતી કે રોડ પર રહેલા અન્ય પાંચ વાહનો સળગી ગયા હતા. હાઈવે પર આગની ઘટના લઈને ટ્રાફિકજામ થયો હતો. ટેન્કરમાં બ્લાસ્ટ ઘટના લઇને પોલીસે વધુ તપાસ હાથધરી છે.

મોરબી - કચ્છ નેશનલ હાઈવે પર સામખીયારી નજીક અજંતા



ઓરેવા કંપની નજીક ગેસ ભરેલ ટેન્કર પલ્ટી મારી ગયા બાદ આગ લાગી હતી. વધુમાં આ અકસ્માત બાદ લાગેલી આગમાં ચારથી પાંચ જેટલા અન્ય વાહનો પણ ઝપટે ચડી જતા ગંભીર અકસ્માત બાદ મોરબી ફાયર બ્રિગેડની મદદ માંગવામાં આવતા વહેલી સવારે ફાયર બ્રિગેડનો કાફલો મદદ માટે દોડી ગયો હતો. જો કે, હજુ સુધી આ અકસ્માતમાં મૃત્યુઆંક અંગેની કોઈ વિગતો સામે આવી નથી.

## દિલ્હી બાદ મહાનગરી મુંબઈ પણ પ્રદૂષણની ઝપટમાં

**મુખ્ય સમાચાર, મુંબઈ**

રાજધાની દિલ્હીમાં પ્રદૂષણની સમસ્યા વર્ષોથી યથાવત છે. જોકે મુંબઈ, બેંગલુરુ, કોલકાતા અને ચેન્નાઈ જેવા અન્ય મહાનગરોએ થોડી રાહત અનુભવી છે. હવે, મુંબઈમાં પણ આ રાહતનો અંત આવી રહ્યો હોય તેવું લાગે છે. આર્થિક રાજધાનીમાં પ્રદૂષણના સ્તરમાં વધારો અને પ્રદૂષિત હવાને કારણે પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે મુંબઈમાં GRAP 4 પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે. આમ, મુંબઈ હવે પ્રદૂષણની દ્રષ્ટિએ દિલ્હીમાં જોડાઈ ગયું છે. મુંબઈના ઘણા વિસ્તારોમાં હવાની ગુણવત્તા નબળી અને ખૂબ જ નબળી શ્રેણીમાં આવી ગઈ છે. આ વિસ્તારોમાં મારગાંવ, દેવનાર, મલાડ, બોરીવલી પૂર્વ, ચકલા-અંધેરી પૂર્વ, નેવી નગર, પવઈ અને મુલુંડનો સમાવેશ થાય છે. મુંબઈ-દિલ્હી



પછી, મુંબઈ હવે વધતા જતા શ્વસન સંકટનો સામનો કરી રહ્યું છે. વાયુ પ્રદૂષણના કારણે લોકો ગૂંગળામણ અનુભવી રહ્યા છે. મુંબઈમાં પરિસ્થિતિ એટલી હદે બગડી ગઈ છે કે શહેરના મોટાભાગના ભાગોમાં હવા ગુણવત્તા સૂચકાંક ગંભીર સ્તરે પહોંચી ગયો છે. બળહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એ શહેરમાં GRAP 4 લાગુ કર્યો છે.

આ કારણે, એ તમામ બાંધકામ અને ધૂળ ઉત્પન્ન કરતી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકયો છે. ડઝનબંધ સ્થળો પર પણ નજર રાખવામાં આવી રહી છે. આશરે ૫૦ બાંધકામ સ્થળોને નોટિસ જારી કરવામાં આવી છે, જેના કારણે હવે તેમને કામ બંધ કરવા અથવા સંપૂર્ણપણે સ્થગિત કરવાની જરૂર છે. વધુમાં, નાના ઉદ્યોગો, બેકરીઓ અને માર્બલ-કટીંગ યુનિટ્સને તેમના કાર્યોમાં ધૂળ ઉત્પન્ન થવાની શકયતા ઓછી થાય તે સુનિતિ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આમ કરવામાં નિષ્ફળતા તેમની સામે કાર્યવાહી કરી શકે છે. વધુમાં, બીએમસી એ ધૂળને નિયંત્રિત કરવા અને પ્રદૂષણ પર નજર રાખવા માટે દરેક વોર્ડમાં ફ?લાઈંગ સ્ક્વોડની નિમણૂક કરી છે.

દરિયા કિનારે સ્થિત હોવાને કારણે અને સામાન્ય રીતે દિલ્હી જેવા શહેરો કરતા પવનની ગતિ વધુ ઝડપી હોવાથી, મુંબઈમાં પ્રદૂષણ ઓછું રહ્યું છે, પરંતુ ત્યાં વધતી જતી સમસ્યાએ પણ ચિંતા ઉભી કરી છે. એ આ સ્થળોએ બાંધકામ બંધ કરવાનો આદેશ આપ્યો છે. બાંધકામથી ઉત્પન્ન થતી ધૂળ શહેરમાં વાયુ પ્રદૂષણમાં વધારો કરી રહી છે. પરિણામે, બીએમસીએ ૫૦ થી વધુ બાંધકામ સ્થળોને રોકવા અને બંધ કરવા માટે નોટિસ ફટકારી છે. ના અધિકારીઓ આ તમામ સ્થળો પર નજર રાખી રહ્યા છે.

## રાજયમાં હજુ પણ ઠંડી સાવ નહિવત

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે સતત છઠ્ઠા દિવસે પણ ધાબડ સાથે નહિવત ઠંડી રહી હતી.અને મોટાભાગનાં સ્થળો એ ૧૫ થી ૨૧ ડિગ્રી વચ્ચે લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.આજે સવારે રાજકોટમાં ૧૬.૨, પોરબંદરમાં ૧૮, વેરાવળમાં ૧૯.૭, નલિયામાં ૧૪.૮, કંડલામાં ૧૦.૪, દ્વારકામાં ૨૧, દિવમાં ૧૫.૨, ડિસામાં ૧૭.૫,દમણમાં ૨૦.૪, ભુજમાં ૧૬.૮, ભાવનગરમાં ૧૮, વડોદરામાં ૧૬.૬, અમરેલીમાં ૧૫.૮, અને અમદાવાદમાં ૧૭.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું. જયારે જામનગરમાં પણ ધીમે ધીમે શિયાળો તેની પકડ જમાવી રહ્યો છે ત્યારે તાપમાનમાં સતત ઉતાર ચઢાવ જોવા મળી રહ્યો છે. ગત સપ્તાહે ૧૪ ડિગ્રીએ પહોંચી ચૂક્યો હતો જો કે જે બાદ તાપમાનમાં સતત ઉતાર ચઢાવવાનો દોર જોવા મળી રહ્યો છે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૪૮ કલાકમાં લઘુતમ તાપમાનમાં પણ ૨ ઘટાડો નોંધાયો છે .શનિવારે અને રવિવારે ૧૮ ડિગ્રીએ પારો સ્થિર રહ્યા પછી આજે લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રીએ પહોંચ્યું હતું.જેનાથી ઠંડીનું જોર વધ્યું હતું. જામનગર જિલ્લા કલેકટર કંટ્રોલરૂમાંથી મળતી જાણકારી મુજબ શહેરનું લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અને મહતમ તાપમાન ૩૦ ડિગ્રી નોંધાયું હતું.

## ગુજરાતમાં કોમનવેલ્થ ગેમ રમવાનું નિશ્ચિત બનતા રાજય સરકાર ખાસ કંપની સ્થાપશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં હવે ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ રમવાનું નિશ્ચિત થઇ ગયું છે તે સમયે રાજય સરકારે આ મહાખેલ આયોજન માટે એક ખાસ નોટ ફોર પ્રોફીટ કંપની સ્થાપવાનો નિર્ણય લીધો છે અને તેના વડા તરીકે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી હશે.

ખાસ કરીને કોમનવેલ્થ ગેમમાં જે રીતે ૨૦૧૦માં દિલ્હીમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનો આરોપ હતા અને આયોજનમાં પણ અનેક ક્ષતિઓ જોવા મળી હતી તેમાંથી બોધપાઠ લઇને ગુજરાતમાં કોમનવેલ્થનું આયોજન શ્રેષ્ઠ અને સ્વચ્છ રહે તે માટે રાજય સરકારે કંપની એકટ ૨૦૧૩ મુજબ નોટ ફોર પ્રોફીટ કંપની સ્થાપવા નિર્ણય લીધો છે.

સરકારના ટોચના સુત્રોના જણાવ્યા મુજબ આ કંપનીના વડા

COMMONWEALTH GAMES

તરીકે નાયબ મુખ્યમંત્રી તથા ખેલકૂદ અને સાંસ્કૃતિક બાબતોનું મંત્રાલય સંભાળી રહેલા હર્ષ સંઘવી કરશે અને તેમાં એક વખત આયોજન પુરૂ થયા બાદ આ કંપનીનું વિસર્જન કરાશે અથવા તો તેને એક કાયમી કોર્પોરેટમાં ફેરવી શકાશે.

રાજય સરકારે આ માટે તૈયારી કરી દીધી છે. સમગ્ર આયોજનમાં પ્રારંભથી જ જોડાયેલા રાજયના ખેલકૂદ વિભાગના મુખ્ય સચિવ અશ્વિનીકુમારે આ અંગે જણાવ્યું કે સમગ્ર આયોજનમાં એક જે કમીટી નિમાશે તે જ આ કોમનવેલ્થ-૨૦૩૦નું આયોજન કરશે.

આ માટેનું એક ફ્રેમવર્ક કરી તૈયાર કરાઇ ગયું છે અને રાજય સરકારે તે માટે કાનુની સહિતના મુદાઓની પણ ચકાસણી કરી લીધી છે. આ નવી કંપનીમાં ૧૫ ડિરેકટર હશે જેમાં કોમનવેલ્થ ગેમ એસોસીએશન ઈન્ડિયા, પેરા ઓલિમ્પિક કમીટી, કેન્દ્ર અને રાજય સરકારના પ્રતિનિધિઓ પણ રહેશે અને તેમાં કોમનવેલ્થ આયોજનોના તમામ મંજૂરી તેને આધીન રહેશે.

જેમાં એક સીઇઓ પણ રહેશે. ભુતકાળમાં દિલ્હીમાં જે રીતે કોંગ્રેસ સરકાર સમયે કોમનવેલ્થનું આયોજન થયું હતું તેમાં ભ્રષ્ટાચાર સૌથી મોટો મુદો બની ગયો હતો પરંતુ રાજય સરકાર ૨૦૩૦ જ નહીં ૨૦૩૬ના ઓલિમ્પિક આયોજનમાં પણ બેનમુન તૈયારીઓનું મોડલ રજૂ કરશે.

## દેશના વસ્તી વધારામાં ૨૦૮૦ સુધીમાં બ્રેક લાગશે

### ઈન્ડિયન એસોસીએશન ફોર ધી સ્ટડી ઓફ પોપ્યુલેશનનું આકલન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જનન દરમાં ઘટાડાના કારણે દેશની વસ્તી ૨૦૮૦ સુધીમાં ૧.૮ થી ૧.૯ અબજ વચ્ચે સ્થિર રહેવાની આશા છે. ઈન્ડિયન એસોસીએશન ફોર ધી સ્ટડી ઓફ પોપ્યુલેશન (આઈએએસપી)ના આકલનમાં આ પરિણામ બહાર આવ્યું છે.

આઈએએસપીનાં મહાસચીવ અનિલ ચંદ્રનના અનુસાર દેશ ઝડપથી વસ્તીનાં આંકડામાં પરિવર્તનનાં દોરમાં પસાર થઈ રહ્યો છે. ગત દાયકાઓમાં જન્મ દરમાં ઝડપથી ઘટાડો થયો છે.

વર્ષ ૨૦૦૦ માં કુલ પ્રજનન દર (ટીએફઆઈ) ૩.૫ હતો જે હવે ૧.૯ રહી ગયો છે. ચંદ્રનનાં અનુસાર વર્ષ




૨૦૮૦ સુધીમાં દેશની વસ્તી પીક (ટોચ) પર હશે.આ પરિસ્થિતિમાં અનુમાન છે કે દેશની વધુમાં વધુ વસ્તી બે અબજની વચ્ચે જ રહેશે.

આઈએઓપી અનુસાર પ્રજનન દરનો સીધો સબંધ વિકાસ અને શિક્ષણ સાથે છે. અશિક્ષિત લોકો વચ્ચે પ્રજનન દર ત્રણથી વધુ છે.જયારે શિક્ષિત લોકો વચ્ચે ટીએફઆર ૧.૫ થી ૧.૮ દરમ્યાન છે. અનુમાન છે કે જેમ જેમ ભણેલ-ગણેલ વસ્તીનો વિસ્તાર થશે તેમ તેમ પ્રજનન દરમાં ઘટાડો થશે.

કેરળમાં ૧૯૮૭ થી ૧૯૮૯ દરમ્યાન પ્રજજન દર ૨.૧ હતો જે હવે ઘટીને ૧.૫ રહી ગયો છે. ૨૦૨૩ ના એક રિપોર્ટ મુજબ પશ્ચિમ બંગાળમાં વર્ષ ૨૦૧૩ માં ટીએફઆર ૧.૭ હતો જે વર્ષ ૨૦૨૩ માં ઘટીને ૧.૩ રહી ગયો છે.

વિશેષજ્ઞોનાં અનુમાન જન્મ દરમાં તો ઘટાડો આવી રહ્યો છે.પરંતુ સ્વાસ્થ્ય સેવાઓમાં સુધારાને લઈને જીવન અપેક્ષામાં વધારો થઈ રહ્યો છ. ૬૦ વર્ષથી વધુ વયના લોકોની વયના લોકોની સંખ્યા વધી રહી છે.

## ૨૦૨૫નું વર્ષ આઈપીઓ માટે સુપરડુપર પુરવાર થયુંઃ અત્યાર સુધીમાં ૯૧ જાહેર ભરણા આવ્યા




**મુખ્ય સમાચાર, મુંબઇ**

દેશમાં આઈપીઓમાં ૨૦૨૫નું વર્ષ સુપરડુપર પુરવાર થશે તે નિશ્ચિત છે અને ૨૦૨૫માં અત્યાર સુધી ૯૧ જાહેર ભરણા આવી ગયા અને કુલ રૂા.૧.૬૦ લાખ કરોડની રકમ શેરબજારમાં ઠલવાઈ ગઈ છે અને હજુ ડિસેમ્બર-જાન્યુઆરીમાં વધુ ૪૦ આઈપીઓ આવી રહ્યા છે. જે રૂા.૪૦૦૦૦ કરોડથી વધુની રકમ બજારમાં જશે.

આમ આઈપીઓ છેલ્લા ૧૮ વર્ષના તમામ રેકોર્ડ તોડશે તે નિશ્ચિત છે. તા.૩થી જ નવા આઈપીઓમાં આ સપ્તાહમાંજ ૧૧ આઈપીઓ આવી રહ્યા છે. ગત વર્ષે ૯૪ આઈપીઓથી રૂા.૧.૫૪ લાખ કરોડની રકમ મેળવાઈ હતી જે ૨૦૦૭ બાદનો રેકોર્ડ છે તે ૨૦૨૫માં તૂટશે. કુલ ૨૪ કંપનીઓ હવે આઈપીઓ માટે કતારમાં ગોઠવાઈ ગઈ છે.

સૌથી મોટો આઈપીઓ હજુ આગામી વર્ષે જીયો ટેલીકોમનો આવશે જે દેશમાં આઈપીઓના તમામ રેકોર્ડ તોડશે તે નિશ્ચિત છે. આ માસમાં જ તા.૩ના ઈ-કોમર્સ કંપની મીશો રૂા.૫૪૨૧ કરોડ, એકસસ રૂા.૯૨૨ કરોડ અને વિદ્યા વાયર રૂા.૩૦૦ કરોડ આમ આ સપ્તાહમાં જ માર્કેટમાંથી રૂા.૬૬૪૩ કરોડની રકમ મેળવાઈ જશે.

વાસ્તવમાં હવે રીટેલ રોકાણકારો પણ આઈપીઓમાં જબરસ્ત પ્રતિભાવ આપે છે અને તેની સીધી અસર બેન્ક થાપણો પડી છે. લોકોને જે રીતે આવકવેરાની મુક્તિ મર્યાદા વધી તેથી તેમના હાથમાં નાણા વધ્યા છે અને બીજી તરફ મોટા ભાગના આઈપીઓ લીસ્ટીંગ ગેઈન આવી રહ્યા છે.

ડિસેમ્બરના બીજા પખવાડીયામાં આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શીલ રૂા.૧૦૦૦૦ કરોડ ઉઘરાવવા આવશે. આ વર્ષના મેજર આઈપીઓમાં ટાટા કંપનીઓએ રૂા.૧૫૫૧૨ કરોડ, એલજી ઈલેકટ્રોનીકસ રૂા.૧૧૬૦૭ કરોડ અને લેન્સકાર્ટ સોલ્યુશન એ રૂા.૭૨૭૮ કરોડ તથા ગ્રોએ રૂા.૬૬૩૨ કરોડ મેળવ્યા હતા.

જો કે અવારનવાર આઈપીઓને વેલ્યુશન મુદ્દે પ્રશ્ન સર્જાય છે તો મોટાભાગના આઈપીઓમાં ઓફર ઓફ સેલ એટલે કે પ્રમોટર અને તેના પ્રારંભીક મોટા રોકાણકારો તેમનું રોકાણ છુટુ કરતા હોય છે પણ લોકોને તેની ચિંતા નથી. લીસ્ટીંગ ગેઈન સૌથી મોટુ આકર્ષણ બની રહ્યું છે.

## બાંધકામ પ્રોજેક્ટની માહિતીનું બેનર કયુઆર કોડ સાથે લગાવવું ફરિજયાત

### આજથી નિયમ લાગુ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં કોઈપણ વ્યક્તિ જો મકાન અને દુકાન જેવી મિલકત ખરીદવા માગતી હોય તો બાંધકામ સાઈટના પ્રોજેક્ટની માહિતી ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીની વેબસાઈટ પરથી મેળવવી પડે છે. મકાન કે દુકાન સહિતની મિલકત ખરીદવા આવનારા નાગરિકોને પ્રોજેક્ટના બાંધકામની માહિતી મળી રહે એ માટે હવે ફરજિયાત દરેક બાંધકામ સાઈટ પર ડેવલપર-બિલ્ડર દ્વારા પ્રોજેક્ટને લગતી તમામ માહિતીનું બેનર બોર્ડ QR કોડ સાથે લગાવવાનું રહેશે. જો કોઈપણ બિલ્ડર કે ડેવલપર આ નિયમનું પાલન નહીં કરે તો તેને દંડ કરવામાં



આવશે. આજે ૧ ડિસેમ્બરથી આ નિયમ લાગુ કરવામાં આવ્યો છે.

કોઈપણ પ્રોજેક્ટના એલોટી કે સંભવિત ગ્રાહકને પ્રોજેક્ટ સંબંધી માહિતી રેરાની વેબસાઈટ પર ફક્ત પ્રોજેક્ટનો રેરા રજિસ્ટ્રેશન નંબર મારફત ઉપલબ્ધ થાય છે. નાગરિકો આ કાર્યપદ્ધતિથી અજાણ હોય છે અને પરિણામે તેમને ચોક્કસ માહિતી મળી શકતી નથી. જાહેર જનતાને પ્રોજેક્ટને લગતી વિગતો, જેવી કે રેરા રજિસ્ટ્રેશનની વિગતો, પ્રોજેક્ટના બાંધકામની વિગતો. પ્રોજેક્ટના સ્પેસિફિકેશન, એમેનીટીઝની વિગતો, રેરા કલેક્શન બેંક એકાઉન્ટની વિગતો તથા પ્રોજેક્ટ લોનની વિગતો પ્રોજેક્ટના સ્થળે જ સહેલાઈથી ઉપલબ્ધ થાય એ માટે પ્રોજેક્ટના સ્થળે તમામ માહિતીનાં બોર્ડ, બેનર લગાવવાં RERA દ્વારા હુકમ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં રેરા રજિસ્ટર્ડ તમામ કાર્યરત પ્રોજેક્ટ માટે, ધ ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (જનરલ) રેગ્યુલેશન્સ ૨૦૧૭ના રેગ્યુલેશન-૫માં દર્શાવેલા દસ્તાવેજો, જેવા કે જવાબદાર તંત્ર પાસે મંજૂર કરાવવામાં આવેલા પ્લાન અને એનો લેઆઉટ સહિતની વિગતો બોર્ડ અથવા બેનર તેમજ ડિસ્પ્લે મારફત પ્રોજેક્ટના સાઈડ પર લગાવવાની રહેશે. બોર્ડ અથવા બેનરની લઘુતમ પહોળાઇ ૧.૨૦ મી. તથા લઘુતમ ઊંચાઈ ૨ મી. રાખવાની રહેશે. પ્રોજેક્ટના મુખ્ય પ્રવેશ પાસે અથવા મુખ્ય રસ્તા ઉપરથી જોઇ શકાય એ રીતે જમીનથી ૧.૫૦મી.થી ૨ મી. ઊંચાઈએ મૂકવાનું રહેશે.

# જામનગર જીલ્લાના પોલીસ તંત્ર દ્વારા સ્પેશિયલ કોમ્બિંગ ડ્રાઇવ યોજાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીએ જામનગર જીલ્લાના માથાભારે, હિસ્ટ્રીશીટ, પ્રોહીબુટલેગર્સ, જાણીતા જુગારીઓ, મિલકત સબંધી.શરીર સબંધી.ગુનાના આરોપીઓને ચેક કરવા સુચના આપી હતી.જામનગર સીટી સી ડીવી પોલીસ સ્ટેશન વિસ્તારના શંકરટેકરી, પાણાખાણ, ગોકુલનગર અને બાવરીવાસ વિસ્તારમા ''સ્પેશ્યલ કોમ્બીંગ ડ્રાઇવ'' દરમ્યાન કામગીરી કરવામાં આવી હતી.જે દરમ્યાન પ્રોહીબીશન કેસ ૧૮, મિલ્કત સબંધી ગુનાના એમ.સી.આર ઇસમો ચેક-૪૭, માથાભારે ઇસમો ચેક-૧૧, અસામાજીક ઇસમો ચેક-૯, ટપોરી ઇસમ ચેક-૨, પ્રોહી બુટેલગર્સ/પ્રોહી ધંધાર્થી ચેક-૩૮, જાણીતા જુગારી.ધંધાર્થી ચેક-૧૨, અવાવરુ જગ્યા તથા ઝુપડપટ્ટી ચેક-૪,વાહન ચેક-૧૫૭ ,હોટલ ધાબા.ધાર્મિક સ્થળ ચેક-૨૧, વગેરેની કામગીરીનો સમાવેશ થાય છે.

નાયબ પોલીસ અધિક્ષક જયવિરસિંહ ઝાલાના સુપરવિઝન હેઠળ, એલ.સી.બી પો.ઇન્સ .વી.એમ.લગારીયા, તથા સીટી સી પો.સ્ટે.પો.ઇન્સ. એન.બી.ડાભી, સીટી એ.પો.સ્ટેના પો.ઇન્સ.એન.એ.ચાવડા, તથા સીટી બી ડીવી પો.ઇન્સ. પી.પી.ઝા, તથા બેડી મરીન પો.સ્ટેના પો.ઇન્સ. વી.બી.ચૌધરી, મહિલા પો.સ્ટે પો.ઇન્સ. એ.કે.પટેલ તથા એસ.ઓ.જી પો.સબ ઇન્સ તથા એલ.સી.બી., એસ.ઓ.જી. નો સ્ટાફ તથા ડોગસ્કોડ સાથે આ કાર્યવાહીમાં પો.ઇન્સ-૪, પો.સબ ઇન્સ-૯, આશરે ૯૦ પોલીસ સ્ટાફ જોડાયો હતો. અને ડોગસ્કોડની મદદથી આ કાર્યવાહી કરવામા આવી હતી.સ્પેશિયલ કોમ્બિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જે દરમિયાન દારૂની પ્રવૃત્તિના બે કેસ તેમજ મિલકત સંબંધી ગુન્હા આચરતા ૧૧ એમસીઆરને ચેક કરવામાં આવ્યા હતા.

દારૂની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સાત વ્યક્તિઓને ચેક કરાયા હતા. જાણીતા જુગારી એવા ચાર ધંધાર્થીને ચેક કરવામાં આવ્યા હતા. ઝૂંપડપટ્ટી તેમજ અવાવરૂ એવી ૭ જેટલી જગ્યાઓ પર ચેકિંગ કરવામાં આવ્યું હતું. જયારે કુલ ૪૨ વાહનો ચેક કરવામાં આવ્યા હતા. ઉપરાંત ૩ હોટલ ધાબા અને ધાર્મિક સ્થળનું પણ ચેકિંગ કરાયું હતું.

# આરોગ્ય વિભાગ દ્વારા દરેડ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં સ્થાનિક ડોક્ટરોને ટીબી રોગના નિદાનમાં સક્રિય રીતે જોડવાનો નવતર પ્રયાસ

**મુખ્ય સમાચાર, જામનગર**

ટીબી ક્ષય રોગ નાબૂદીના રાષ્ટ્રીય લક્ષ્યને હાંસલ કરવા માટે જનભાગીદારી સર્વોપરી છે. આ જ ઉદ્દેશ સાથે, જામનગર તાલુકાના દરેડ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં બેઠકનું આયોજન કરી સ્થાનિક ડોક્ટરોને ટીબી રોગના નિદાનમાં સક્રિય રીતે જોડવા પ્રયાસ કરાયો હતો.દરેડ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં મોટી સંખ્યામાં બહારના પ્રવાસી શ્રમિકો મજૂરી અર્થે આવતા હોવાથી આ સમુદાયમાં ટીબી કે અન્ય રોગોની જાગૃતિનો અભાવ અથવા રોગની ગંભીરતા વિશે ઓછું જ્ઞાન હોય છે. પરિણામે નાની તકલીફો માટે પણ તેઓ અલગ.અલગ જગ્યાએથી સારવાર લેતા હોય છે. ઘણીવાર ટીબીના લક્ષણો હોવા છતાં, જુદી-જુદી જગ્યાએથી સારવાર લેવાને કારણે રોગનું નિદાન મોડું થાય છે અથવા થતું જ નથી. નિદાનમાં વિલંબ



થવાથી રોગ વણસી શકે છે, સાજા થવાનો દર ઘટી શકે છે, અને ક્યારેક દર્દીનું મૃત્યુ પણ થઈ શકે છે. આ ગંભીરતાને સમજીને, ટીબીના દર્દીનું વહેલું નિદાન અને તાત્કાલિક સારવ-ાર શરૂ કરવી એ ખૂબ જરૂરી છે.ટીબીના વહેલા નિદાનના ઉદ્દેશ સાથે, દરેડ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારના ૧૫ જેટલા ડોક્ટરોની તાત્કાલિક બેઠક બોલાવવામાં આવી હતી.અને આ ડોક્ટરોને ઈનફોર્મર તરીકે સક્રિય રીતે જોડીને એક મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે.જો કોઈ પ્રાઈવેટ ડોક્ટર પાસે ટીબીના લક્ષણો ધરાવતો શંકાસ્પદ દર્દી આવે અને ડોક્ટરને ટીબી રોગનું અનુમાન થાય, તો તેઓ દર્દીને તુરંત નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રમાં રીફર કરશે. આ રીફરલના કારણે ટીબી રોગનું વહેલું નિદાન શક્ય બનશે. પ્રોત્સાહન તરીકે, જો રીફર કરેલ દર્દીને ટીબી પોઝીટીવ આવશે, તો ડોક્ટરને ઈનફોર્મર તરીકે રૂ.૫૦૦ મળવાપાત્ર થશે. આ ભાગીદારીથી દરેડ વિસ્તારના લોકોને ટીબી રોગનું વિનામૂલ્યે નિદાન અને સંપૂર્ણ સારવાર સરળતાથી મળી રહેશે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને માર્ગદર્શન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. નુપુર પ્રસાદ અને ઇન્ચાર્જ જિલ્લા ક્ષય અધિકારી ડૉ. ધીરેન પીઠડીયાના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. જિલ્લા પી.પી.એમ. કોર્ડીનેટર ચિરાગ પરમાર દ્વારા ડોક્ટરોને ટીબી રોગના સચોટ નિદાન, સારવારની પદ્ધતિઓ અને ભારત સરકારની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. ટીબી ઉપરાંત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દરેડના ડૉ. મકવાણાએ ડોગ બાઈટ વિશે અને અન્ય મુંઝવતા પ્રશ્નોના જવાબો આપીને ડોક્ટરોનું માર્ગદર્શન કર્યું. આ સમગ્ર કાયક્રમને સફળ બનાવવા માટે દરેડ સુપરવાઇઝર, ટીબી હેલ્થ વિઝીટર, આરોગ્ય કર્મચારીઓ વિજયભાઈ સોંદરવા અને રામદે, તેમજ દરેડ વિસ્તારના પ્રેસીડેન્ટ ડોક્ટર સમીર અગ્રાવત સહિતની ટીમે સઘન પ્રયાસો કર્યા હતા.

# જામનગર જિલ્લા કલેક્ટરે જિલ્લાના વિવિધ મતદાર સુધારણા કેમ્પની મુલાકાત લઇ BLOsની કામગીરીને બિરદાવી




**મુખ્ય સમાચાર, જામનગર**

ભારતીય ચૂંટણી પંચની સૂચના મુજબ ચાલી રહેલા મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કેતન ઠક્કરે આજે યોજાયેલા ખાસ ઝુંબેશના કેમ્પ દરમિયાન જામનગર જિલ્લાના વિવિધ મતદાન મથકોની આકસ્મિક મુલાકાત લીધી હતી અને BLOs દ્વારા કરવામાં આવતી કામગીરીને બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.સાથે જ કામગીરીની પ્રગતિની સમીક્ષા કરી મતદાર નોંધણી અધિકારીઓ તથા બુથ લેવલ ઓફિસરોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કલેક્ટર ઠક્કરે લાલપુર તાલુકાના હરિપર તથા દરેડ મતદાન મથકોની મુલાકાત લીધી હતી અને સ્થળ પર હાજર મતદાર નોંધણી અધિકારીઓ પાસેથી મતદાર સુધારણા કામગીરીની વિગતવાર માહિતી મેળવી હતી.

મુલાકાત દરમિયાન કલેક્ટર ઠક્કરે સ્પષ્ટપણે નિર્દેશ આપ્યો હતો કે ૧૮ વર્ષ કે તેથી વધુ વયના તમામ નાગરિકોની, ખાસ કરીને યુવા મતદારો અને વંચિત સમુદાયના મતદારોની વિગતો મેળવવાની અને તેમની નોંધણીની પ્રક્રિયા સંપૂર્ણપણે સુનિશ્ચિત થવી જોઈએ તથા કોઈપણ પાત્ર નાગરિક બાકી ન રહે તેની કાળજી લેવી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મતદાર યાદી સુધારણાનું આ રાષ્ટ્રીય કાર્ય મહત્ત્વનું હોવાથી તમામ પડતર અરજીઓ પર તાત્કાલિક કાર્યવાહી કરીને સંપૂર્ણ કામગીરી સત્વરે અને સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવે અને સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા અને તટસ્થતા જળવાઈ રહે તે અંગે ખાસ કાળજી લેવા જણાવ્યું હતું.કલેકટરની આ મુલાકાત દરમિયાન નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આદર્શ બસેર, ગ્રામ્ય પ્રાંત અધિકારી બ્રિજેશ કાલરીયા, લાલપુર પ્રાંત અધિકારી સંજયસિંહ અસવાર સહિતના અધિકારીઓ જોડાયા હતા.

# મોરબીમાં મચ્છુ નદી પર નવા ફલાયઓવર બ્રિજને સૈદ્ધાંતિક મંજૂરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મચ્છુ નદી પર પાડાપુલની અપસ્ટ્રીમ તરફ અમૃત નગર પાસે ફલાયઓવર બ્રિજ બાંધવા માટે સરકારે ૧૫૬.૬૭ કરોડ રૂપિયાની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ બ્રિજ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ બનશે. મોરબી શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં એક વધુ મહત્વપૂર્ણ મંજૂરી રાજ્ય સરકાર તરફથી અપાઈ છે. જેમાં મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મચ્છુ નદી પર નવા ફલાયઓવર બ્રિજના નિર્માણને રાજ્ય સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. પત્ર દ્વારા જણાવાયું છે કે પાડાપુલની અપસ્ટ્રીમ બાજુ, અમૃત નગર પાસે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના ફલાયઓવર ઘટક અંતર્ગત આ બ્રિજ બાંધવામાં આવશે. કુલ રૂ. ૧૫૬,૬૭,૮૦,૦૦૦/-ની દરખાસ્તને સરકારે મંજૂરી આપી છે. આ મંજૂરી મળતા હવે આગળના નિયમો મુજબ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે એવી સત્તાવાર માહિતી આપવામાં આવી છે.

# જામનગરમાં પંજાબનો વોન્ટેડ આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પંજાબનો વોન્ટેડ આરોપી ઝડપાયો.એક દિવસ પહેલા જ ગુજરાત આવેલા લવપ્રિતસિંઘને.એ.ટી.એસ. જામનગર એસઓજી.એ.મેઘપરથી દબોચ્યો,અમૃતસર પોલીસને સોંપાશેઃ મેઘપર વિસ્તારની કંપનીઓમાં હેલ્પર તરીકે છૂટક મજૂરી કરવાના હેતુથી એક દિવસ પહેલા જ આવ્યો.અમૃતસર ખાતે હત્યાના ગુનામાં સંડોવાયેલા આરોપીની ગુજરાત અઝજ અને જામનગર SOG દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરીને જામનગરના મેઘપર વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો.આરોપી કંપનીમાં એક દિવસ પહેલા જ હેલ્પર તરીકે છૂટક મજૂરીકામ કરવા આવ્યો હતો. પંજાબ પોલીસની બાતમી ના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી.એક મહિના પહેલા પંજાબના અમૃતસરના 'અ' ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે મખનસિંઘ મધોળુરામની




હત્યાનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓ ધરમવિરસિંઘ, કરમવિરસિંઘ, બિક્રમજીતસિંઘ અને જોનની પંજાબ પોલીસે અટકાયત કર્યા બાદ તેમણે.અન્ય વોન્ટેડ આરોપી તરીકે લવપ્રિતસિંઘ હરજીતસિંઘનું નામ આપ્યું હતું. વોન્ટેડ આરોપી લવપ્રિતસિંઘની માહિતી પંજાબ પોલીસે ગુજરાત અઝજ સાથે શેર કરી હતી.વોન્ટેડ આરોપી લવપ્રિતસિંઘ હત્યા બાદ.જામનગર ખાતે આવેલ મેઘપર વિસ્તારની કંપનીઓમાં હેલ્પર તરીકે છૂટક મજૂરી કરવાના હેતુથી એક દિવસ પહેલા જ આવ્યો છે. જેની બાતમી પંજાબ પોલીસ દ્વારા ગુજરાત એટીએસના આપવામાં આવી હતી. ATS દ્વારા તાત્કાલિક આ માહિતી અંગે જામનગર.જઘાને જાણ કરવામાં આવી હતી.જામનગર જઘ કૃએ ગુજરાત ATS સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મેઘપર ખાતે આવેલી ચાલીમાં રહેતા લવપ્રિતસિંઘની ઓળખ કરી તેને દબોચી લીધો હતો. વધુ પૂછપરછ માટે તેને ગુજરાત એ.ટી.એસ. અમદાવાદ ખાતે લાવવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં આરોપી લવપ્રિતસિંઘ હરજીતસિંઘે ધરમવિરસિંઘ અને અન્ય સાગરીતો સાથે મળીને અમૃતસર બસ સ્ટેન્ડ ખાતે મખનસિંઘ મધોળુરામની હત્યાના કાવતરામાં સંડોવાયેલ હોવાની કબૂલાત કરી લીધી છે. ગુજરાત અઝજ દ્વારા હવે આ વોન્ટેડ આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે અમૃતસર સિટી પોલીસને સોંપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# પી.સી. અને પી.એન.ડી.ટી. એક્ટ અન્વયે સલાહકાર સમિતિની બેઠક યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર બેટી બચાવો અને જાતિ ગુણોત્તર જાળવવા માટેના કાયદાના અસરકારક અમલની પ્રતિબદ્ધતા વ્યક્ત કરાઈ.પી.સી. અને પી.એન.ડી.ટી. એક્ટનો ભંગ કરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓ સામે કડક કાયદાકીય પગલાં લેવાશે.જામનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા ખાતે પી.સી. અને પી.એન.ડી.ટી. એક્ટ અન્વયે સલાહકાર સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નુપુરકુમારી પ્રસાદ સહિત સમિતિ દ્વારા હોસ્પિટલોને રિન્યુઅલ તેમજ નવા રજિસ્ટ્રેશન આપવા માટે જરૂરી મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત, ઓથોરિટી દ્વારા કરવામાં આવેલ ક્લિનિક ઈન્સ્પેક્શનની કામગીરીનો સઘન રીવ્યુ પણ કરવામાં આવ્યો હતો. તેમજ જિલ્લામાં જો કોઈપણ જગ્યાએ પી.સી. અને પી.એન.ડી.ટી. એક્ટનો ભંગ થતો હોવાનું ધ્યાન પર આવશે, તો જવાબદાર વ્યક્તિઓ અને સંસ્થાઓ સામે કડક કાયદાકીય પગલાં ભરવામાં આવશે તેમ જણાવાયું હતું.આ બેઠકમાં સમિતિના સભ્ય હેતલબેન અમેથીયા, ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ જામનગરના તબીબો ડો.તુસી નાયક, ડો.નમ્રતા પરમાર, ડો.એમ.ટી.માકડા, ડો.પુષ્પા કટેશીયા તેમજ જુદા જુદા તાલુકાના હેલ્થ ઓફિસરઓ ડો.અલ્તાફ વૈશાનાની જામજોધપુર, ડો. એચ. એન. ફોજે ધ્રોલ, ડો. પી.ડી. પરમાર લાલપુર, ડો. જે. આર. પટેલ જામનગર, ડો. એમ.પી. મોઢેડિયા જોડિયાઅને નોડલ ઓફિસર પીએનડીટી ડો. આર.બી. ગુપ્તા જિલ્લા કવોલિટી એસ્યોરન્સ મેડીકલ ઓફીસર, જિલ્લા પંચાયત ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના શનાળા-ઘુનડા રોડ ઉપર રીક્ષામાંથી ૪૦૦ લીટર દેશી દારૂ સાથે ચાલકની અટક, સપ્લાયર ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના શનાળા-ઘુનડા રોડ ઉપર શિવમ બંગલો પાછળ કાચા રસ્તેથી સીટી એ ડિવિઝન પોલીસે સીએનજી રીક્ષામાં દેશી દારૂની હેરાફેરી કરતા એક શખ્સની અટકાયત કરી છે, પોલીસે ૪૦૦ લીટર દેશી દારૂ તથા રીક્ષા સહિત કુલ રૂ.૧.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જ્યારે આરોપી રીક્ષા ચાલકની પૂછતાછમાં દેશી દારૂ મોરબીના જ એક શખ્સ પાસેથી વેચાણ અર્થે મેળવ્યો હોવાની કબૂલાત આપતા, પોલીસે બન્ને આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગના હોય તે દરમિયાન શનાળા-ઘુનડા રોડ ઉપર શિવમ બંગલો પાછળ કાચા રસ્તેથી શંકાસ્પદ હાલતમાં આવતી સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૦૩-બીએક્સ-૯૩૨૮ વાળી આવતા તેને રોકી, પોલીસે તેની તલાસી લેતા તેમાંથી અલગ અલગ ૧૦ બાચકામાં ભરેલ ૪૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૮૦ હજાર સાથે આરોપી શનીભાઈ શાંતિલાલ કડેવાર ઉવ.૩૨ રહે.મોરબી શનાળા બાયપાસ લાયન્સનગર શેરી નં.૩ મોરબી વાળાની અટક કરવામાં આવી હતી. જ્યારે આ દેશી દારૂ મોરબી કંડલા બાયપાસ તુલસીપાર્કમાં રહેતા મયુરભાઈ મનસુખભાઈ લોરીયા પાસેથી મેળવ્યો હોવાનું પકડાયેલ આરોપી દ્વારા જણાવતા પોલીસે સપ્લાયર આરોપીને ફરાર દર્શાવી, સીએનજી રીક્ષા તથા દેશી દારૂ સહિત ૧.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ બન્ને આરોપીઓ સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તજવીજ હાથ ધરી છે.

# જામનગર નજીક મેઘપર પાસે લેબોરેટરી ચલાવતા વેપારી સાયબર ચાંચિયાની ચુંગલમાં ફસાતાં અઢી લાખ ગુમાવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના મેઘપર ગામમાં સાયબર ફ્રોડનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, અને મેઘપર ગામમાં લેબોરેટરી ચલાવતા એક લેબોરેટરીના સંચાલક સાયબર ચંચિયાઓની ચૂંગાલમાં ફસાઈ જતાં રૂપિયા અઢી લાખ ગુમાવવાનો વારો આવ્યો છે. ફ્લિપકાર્ટમાંથી પાર્લસ મોકલનાર અજાણ્યા શખ્સે પાર્સલ મોકલવાના બહાને ઓટીપી મોકલી બેન્કનો પાસવર્ડ મેળવી લીધા બાદ બેંક ખાતામાંથી રૂપિયા અઢી લાખની રકમ ઉપાડી લઈ ચીટીંગ કર્યાની ફરિયાદ મેઘપર પોલીસ મથકમાં નોંધવાઈ છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરના યાદવ નગર વિસ્તારમાં રહેતા અને મેઘપર પંથકમાં લાઈફ કેર લેબોરેટરી ચલાવતા સંજયભાઈ ભીખાભાઈ લગારીયા નામના ૩૫ વર્ષના યુવાને મેઘપર પડાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે કોઈ અજાણ્યા શખ્સો એ પોતાના બેંક ખાતામાંથી બે કટકે અઢી લાખ રૂપિયાનું ટ્રાન્જેક્શન કરી લઈ પોતાની સાથે છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં વધુમાં જણાવ્યા અનુસાર તાજેતરમાં ફરિયાદી યુવાનને તેના મોબાઈલ ફોન પર એક મેસેજ આવ્યો હતો, અને ફ્લિપકાર્ટ માંથી બોલું છું, તેમ કહી ચીટર શખ્સ દ્વારા ફોન કરવામાં આવ્યો હતો અને લેબોરેટરી સંચાલક પાસેથી કોઈપણ રીતે બેન્ક એકાઉન્ટ નંબર મેળવી લીધા હતા, અને ઓટીપી મોકલાવ્યા હતા, જે દરમિયાન બેન્ક ખાતામાંથી સૌપ્રથમ બે લાખ અને ત્યારબાદ બીજા ૫૦,૦૦૦ મળી કુલ અઢી લાખની રકમ ઉપડી લેતાં તુરતજ સાયબર સેલનો સંપર્ક સાધ્યો હતો, અને તેની સૌપ્રથમ ઓનલાઇન ફરિયાદ લેવામાં આવી હતી, ત્યારબાદ આ ફરિયાદને મેઘપર પડાણા પોલીસ મથકમાં ટ્રાન્સફર કરવામાં આવી છે, અને ત્યાં સંજયભાઈ લગારીયા ની ફરિયાદના.આધારે પોલીસે આઈટી એક્ટની કલમ ૬૬(ડી) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૧૯ (૨) મુજબ ગુનો નોંધ્યો છે, અને આરોપીઓની શોધ ખોળ હાથ ધરી છે.

# ઉનામા ચેમ્બર ઓફ કોમર્સના સંયુક્ત ઉપક્રમે અનોખો પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો

## ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉનામા ચેમ્બર ઓફ કોમર્સના ઉપક્રમે SIR મતદાર યાદી સુધારણા સઘન અભિયાન અંતર્ગત કાર્યક્રમ ઉના શહેરમાં વરસિંગપુર રોડ પર સ્થિત આવેલ યોગા કેન્દ્રમાં યોજાયો હતો. ભોજન સમારંભ સાથે આ કાર્યક્રમમાં SIR ની કામગીરી કરતા તમામ BLO (''બુથ લેવલ ઓફિસર'') નુ સન્માન કરી. તેઓને સ્મૃતિ અર્પણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શહેરના તમામ વેપારીઓ ભાઈઓ ડોક્ટરશ્રીઓ તથા જુદી-જુદી સંસ્થાના હોદ્દેદારોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી. આ પ્રસંગે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ એ ચૂંટણી પંચ દ્વારા ચાલી રહેલ મતદાર યાદી સુધારણા સઘન અભિયાન અંગે લોકોને માહિતગાર કરી જાગૃત કર્યા હતા.

તેમજ તેમના ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન શહેર તાલુકામાં થયેલા અને થનાર ''૮૦૦ કરોડથી'' વધુ ના વિકાસ કામોની છણાવટ કરી. અને આગામી દિવસોમાં ઉના શહેરને મહાનગરની હરોળમાં મુકવાનો સંકલ્પ દોહરાવ્યો હતો. આ પ્રસંગે ઉના શહેર પૂર્વ ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ કોટેચા એ ઉના શહેરમાં કાળુભાઈ રાઠોડ એ કરેલા વિકાસ કામોની પ્રશંસા કરીને આવનાર સમયમાં રાજકોટ-અમદાવાદ ની હરોળમાં ઉના શહેર'' ઉભું રહેશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો

# મુક્તિ મોર્ચા રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ જેસીંગભાઇ શામજીભાઈ રાઠોડ દિલ્હી પહોંચ્યા

## તાલુકાની સમસ્યાઓને લઈને જંતર મંતર પર દિલ્હી ખાતે આવેદનપત્ર આપી રજૂઆત કરી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના તાલુકાના વાસોજ ગામે રહેતા સામાજિક કાર્યકર અને હર હંમેશા લોકોની સાથે રહેતા મુક્તિ મોર્ચા રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ જેસીંગભાઇ શામજીભાઈ રાઠોડ તે અને તેઓની ટીમ દિલ્હી ખાતે પહોંચી એક દિવસ જંતર મંતર નો કાર્યક્રમ પણ કરવામાં આવ્યો આ કાર્યક્રમમાં ૪૦ થી વધુ પડતર પ્રશ્નો ની રજૂઆત કરી જેમાં વીએમનો મુદ્દો પણ હતો જેમાં ખાસ કરીને ગુજરાતમાં કમોસમી વરસાદ થયો જેને લીધે ખેડૂતને કપાસ સોયાબીન જેવા અનેક પાકો માં નુકસાની થઈ ગુજરાત સરકાર દ્વારા ૧૦,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા દરેક ખેડૂતને સહાય આપવા પરિપત્ર કર્યું અને જેમાં વીસીની પણ વાત કરવામાં આવી જે ગ્રામ પંચાયતમાં બેઠે છે અને સેવા આપે છે ગુજરાત સરકાર દ્વારા બાર રૂપિયા કમિશન આપવામાં આવે છે પણ અહીં ઊંધું જોવા મળ્યું છે વીસી પોતે ૧૦૦ નો ખર્ચ ખેડૂત પાસે લઈ અને ફોર્મ ભરે છે આ પણ એક સળગતો પ્રશ્ન છે જેસીંગભાઇ શામજીભાઈ રાઠોડે વાસોજ ગામની મહિલા બુટલેગરનો વિડીયો વાયરલ થયો હતો જેને લઈને તેઓની પ્રતિક્રિયા આપી જેવા અનેક મુદ્દાઓને લઈ દિલ્હી ખાતે આવેદનપત્ર આપી ધારધર રજૂઆત કરી

# મોરબીમાં એક મહિનામાં ૪૦૦ કરોડના પ્રોજેક્ટને મળી લીલીઝંડી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-માળીયાના ધારાસભ્ય અને રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું કે મોરબી મહાનગરપાલિકા બન્યા બાદ શહેરમાં ઝડપી વિકાસ થઈ રહ્યો છે. આગામી એક મહિનામાં આશરે ૪૦૦ કરોડના પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત થવાની તૈયારી છે, જેમાં કેબલ બ્રિજ, રોડ, ગટર, પાણી અને ટ્રાફિક સુધારા સહિતની યોજનાઓનો સમાવેશ થાય છે.

મોરબી-માળીયાના ધારાસભ્ય અને રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાએ વિડિયો મારફતે મોરબીના શહેરી વિકાસ અંગે મહત્વપૂર્ણ માહિ-તી આપી હતી. તેમણે જણાવ્યું કે મોરબી મહાનગરપાલિકા બન્યા બાદ શહેરના વિકાસનો દર ઘણો ઝડપી થયો છે. આગામી દિવસોમાં શહેરને



નવી ઊંચાઈ પર લઈ જવા માટે રાજ્ય સરકાર દ્વારા વિશાળ પાયે મંજૂરીઓ આપવામાં આવી છે. કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યું કે આવતા એક મહિનાની અંદર મોરબીમાં કુલ ૪૦૦ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનો પ્રારંભ થવાનો છે. આ માટે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને મળી આયોજન પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટોમાં ૧૫૫ કરોડના ખર્ચે કેબલ બ્રિજ, ૪૫ કરોડના ખર્ચે બીજા તરફનો બ્રિજ, તેમજ કેનાલ પાછળ ૫૫ કરોડના વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બગીચાઓ, પાણી લાઇન, ગટર વ્યવસ્થા અને અન્ય મૂળભૂત સુવિધાઓ મજબૂત કરવા પણ ખર્ચ કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે ટ્રાફિક સમસ્યા મોરબી શહેર માટે ચિંતાનો વિષય છે, તેથી તેને દૂર કરવા સરકાર પ્રયત્નશીલ છે. હાલ શહેરમાં બે-બે રોડના કામ ઝડપથી ચાલી રહ્યા છે. થોડાં સમયમાં તમામ મુખ્ય રસ્તાઓના સમારકામ પૂર્ણ થઈ જશે. સાથે જ અંડરગ્રાઉન્ડ ગટર અને કેબલ સિસ્ટમ માટે વધારાના ૫૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. આ માટે કાંતિભાઈ અમૃતિયાએ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

# મોરબીના ગોરખીજડીયા ગામ નજીક રીક્ષામાં દેશી દારૂની હેરાફેરી કરતા એક મહિલા સહિત બે પકડાયા

મોરબી તાલુકા પોલીસે ગોરખીજડીયા ગામની સીમમાં નવલખી રોડ ઉપરથી સીએનજી રીક્ષા રજી.નં.જીજે-૩૬-ડબલ્યુ-૨૩૦૧ માં અલગ અલગ બે બાચકામાં ૧૧૦ લીટર દેશી દારૂની હેરાફેરી કરતા આરોપી અલ્તાફભાઈ હૈદરભાઈ ભટી ઉવ-૨૨ રહે. કુલીનગર વીશીપરા મોરબી તથા હનીફાબેન સૈયદુભાઇ મેફાભાઇ જેડા ઉવ-૩૭ રહે. કુલીનગર વીશીપરા મોરબી વાળાની અટકાયત કરી હતી. આ સાથે તાલુકા પોલીસે બન્ને આરોપીઓ પાસેથી રીક્ષા કિ.રૂ.૧ લાખ તથા દેશી દારૂ કિ.રૂ.૨૨ હજાર સહિત ૧.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ બન્ને આરોપીઓ સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના બેલા(રં) ગામે બાવળની કાંટમાં છુપાવેલ ૧૨૦ લીટર દેશી દારૂ સાથે એક પકડાયો, દારૂ આપનારની શોધખોળ

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે બેલા(રં) ગામે ખોખરા હનુમાનજી મંદિર રોડ ઉપર તળાવની પાસે રેઇડ કરતા જ્યાં બાવળની કાંટમાં ૧૨૦ લીટર દેશી દારૂ સાથે આરોપી અરૂણભાઇ રતિલાલ શીરોયા ઉવ-૨૨ રહે. શક્તિ પાનની બાજુમાં વીશીપરા મોરબી વાળાની અટક કરવામાં આવી હતી. પકડાયેલ આરોપીને દારૂ આપનાર આરોપી ઈમરાન ઉર્ફે લાલો મુસાભાઇ કુરેશી રહે.મોરબી-૨ વીશીપરા કુલીનગર-૧ વાળો સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા પોલીસે તેને ફરાર જાહેર કરી કુલ રૂ. ૨૪,૦૦૦/-ના મુદ્દામાલ સાથે બન્ને આરોપીઓ સામે ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# રાજકોટમાં આગામી જાન્યુઆરીમાં યોજાશે વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સ

## સૌરાષ્ટ્રમાં વૈશ્વિક એરોસ્પેસ હબ તરીકે વિકસી રહ્યું છે રાજકોટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વડાપ્રધા નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ભારત અને ગુવરાત વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ પાવરહાઉસ બનવાની યાત્રાને વેગ આપી રહ્યું છે. ગુજરાત સરકાર દ્વારા આગામી તા. ૮ થી ૯ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છની વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કૉન્ફરન્સ (VGRC)નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કોન્ફરન્સની સાથે જ તા. ૮ થી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ એક્ઝિબિશન (VGRE) પણ યોજાશે, જે સમગ્ર કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના ઉદ્યોગો, MSMEs, સરકારી સંસ્થાઓ અને ઉદ્યોગસાહસિકોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડશે.

વાઈબ્રન્ટ ગુજરાતના માધ્યમથી અનેક સ્વદેશી કંપનીઓ રાઈઝિંગ સ્ટાર તરીકે ઉભરી આવી છે. ઓટો ઈન્ડસ્ટ્રીઝ માટે આગવી ઓળખ ધરાવતું રાજકોટનું હવે વધુ એક ક્ષેત્રે એરોસ્પેસ અને સ્પેસ ટેકનોલોજી ક્ષેત્રે મહત્વનું પ્રદાન કરતુ રામ એરોસ્પેસ એન્ડ ડિફેન્સ આગામી સમયમાં એરોસ્પેસ ક્ષેત્રે ઊંચી ઉડાન ભરવા જઈ રહ્યું છે.

નરેન્દ્રભાઈ મોદીના સ્વદેશી અપનાવો, મેક ઈન ઈન્ડીયા, આત્મનિર્ભર ભારતના અભિયાનની ભાવનાને ખરા અર્થમાં શ્રીરામ એરોસ્પેસ એન્ડ ડિફેન્સ LLP પ્રતિબિંબિત કરે છે. જે સ્થાનિક ક્ષમતાને વર્લ્ડ-ક્લાસ ઔદ્યોગિક શ્રેષ્ઠતામાં રૂપાંતરિત કરે છે. વાઈબ્રન્ટ ગુજરાત થકી સૌરાષ્ટ્ર એક ઇનોવેશન-ડ્રિવન ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર તરીકે વિકસવા માટે તૈયાર થઈ રહ્યુ છે.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર સંદીપ વલ્લભભાઈ સતાણી જણાવે છે કે, અમે અમારી કંપનીની શરૂઆત વર્ષ ૨૦૧૭ માં કરી હતી. અમને શ્રીરામ એરોસ્પેસ થકી ન્યૂ ઇન્ડિયાની ટેકનેલોજિકલ મહત્વકાંક્ષાનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી છે. વલ્લભભાઈ સતાણીના માર્ગદર્શન હેઠળ એન્જિનિયરિંગ ક્ષેત્રમાં નિપુણતાનો મજબૂત આધાર ધરાવતી કંપની આજે ભારતમાં આંગળીના વેઢે ગણી શકે એવી સંસ્થાઓમાં સામેલ થઈ છે.

તેઓ ઉમેરે છે કે, અદ્યતન મશીનરી અને 24x7 પાવર-બેક્ડ એસેમ્બલી સુવિધાથી સજ્જ થઈને અમે ગુજરાતના સૌથી આધુનિક અને સુસજ્જ પ્રીસીઝન એન્જિનિયરિંગ ઈકોસિસ્ટમ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. જેના કારણે આજે વૈશ્વિક એરોસ્પેસ કંપનીઓ જેવી કે એરબસ, બોઈંગ, રોલ્સ-રોયસ, ડેસોલ્ટ એવિએશન, ઈસરો, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ વગેરે માટે અત્યંત મહત્વના એરોસ્પેસ પાર્ટસ સપ્લાય કરવા સક્ષમ બન્યા છીએ.

સંદીપ સતાણી વધુમાં જણાવે છે કે, અમારી ટેકનીકલ ટીમના સહયોગથી ટેકનેલોજીના સર્વોચ્ચ સ્તરે અલ્ટ્રા-પ્રીસીઝન મશીનિંગ, કોમ્પ્લેક્સ એરોસ્પેસ ટૂલિંગ, હાઈ-સ્ટ્રેન્થ એલોય્સ અને ક્રિટિકલ એસેમ્બલીઝમાં પ્રભુત્વ મેળવ્યું. SAC-ISRO- માટે ભારતનું પ્રથમ ૬ માઈક્રોન RMS ધરાવતું ટેરા હટ્ર્ઝ એન્ટેના અને નેવિગેશન એન્ટેના પણ વિકસાવ્યું છે. ૮-મીટર વિંગ ફિક્ચર્સ, INVAR કોમ્પોઝિટ લેવઅપ ટૂલ્સ અને એરો-એન્જિન પાર્ટસનું નિર્માણ માટે સ્ટ્રેચ-ફોર્મિંગ ડાઇઝ, રિફ્લેક્ટર પેનલ્સ અને અંદાજિત ૩૦૦૦ થી વધુ એરોસ્પેસ ટૂલ્સની ડિલિવરી કરી છે. આ ઉપરાંત, -TATA-Airbus C295 વિમાન માટે ૧૧.૫ મીટર લાંબા, ૨૫ ટન વજનના અને ૧૫,૦૦૦+ ભાગો ધરાવતા લેફ્ટ અને રાઈટ વિંગ બોક્સ એસેમ્બલી જિગ્સની સફળ ડિલિવરી કરી શક્યા છીએ.

ભારત વિશ્વના સૌથી મોટા ડિફેન્સ અને એરોસ્પેસ બજારોમાં સામેલ છે, પરંતુ આ ક્ષેત્રમાં ઉચ્ચ મૂડી રોકાણ કરતાં પણ મર્યાદિત પ્રીસીઝન-મશીનિંગ સેટઅપ્સ, અલ્ટ્રા-લાર્જ અને અલ્ટ્રા-એક્યુરેટ મશીનિંગ ક્ષમતાનો અભાવ, સચોટ ગુણવત્તાના નિયમો અને ક્વોલિફિકેશન સાયકલ્સ જેવી સમસ્યાઓ જોવા મળે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કહે છે કે દરેક આફત એક અવસર છે. તેમ જાણીને અમે અલ્ટ્રા-પ્રીસીઝન મલ્ટી-એક્સિસ મશીનિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, AS9100D સર્ટીફિકેટ સહિતના વૈશ્વિક ધોરણો સાથે સુસંગત મજબૂત ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ, એકીકૃત ફેબ્રિકેશન, એસેમ્બલી અને ઈન્સ્પેક્શન ઈકોસિસ્ટમ વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિઓ પર તાલીમ પ્રાપ્ત કુશળ વર્કફોર્સ જાતે તૈયાર કરી છે. તેમ સંદીપ સતાણીએ જણાવ્યું હતું.

નરેન્દ્રભાઈ મોદીએ જોયું છે. એન્જીનીયરિંગ ક્ષેત્રે રાજકોટના ઘર આંગણે ઈનોવેશન જન્મે છે, જે ગુજરાત ભારતની મેન્યુફેક્ચરિંગ ક્રાંતિનું નેતૃત્વ કરે છે. રાજકોટ સાબિત કરી રહ્યું છે કે, લોકલ ટેલેન્ટ, લોકલ ઉદ્યોગસાહસિકોની સૂઝબૂઝ અને ટેકનેલોજીના સથવારે ભારતની વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓને નવી શક્તિ આપવા સક્ષમ છે.

# રાજ્યકક્ષાની રાસ ગરબા સ્પર્ધાનું પરિણામ જાહેર

## પ્રથમ ત્રણ વિજેતાઓને રૂ.૫૧,૦૦૦, રૂ.૪૧,૦૦૦ અને રૂ.૩૧,૦૦૦ રોકડ પુરસ્કાર અપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સ્થિત હેમુ ગઢવી હોલ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની રાસ ગરબા સ્પર્ધાનું પરિણામ જિલ્લા યુવા વિકાસ અધિકારી, રાજકોટ દ્વારા જાહેર કરાયું છે. રાજ્યભરના જિલ્લાઓમાંથી આવેલા ચુનંદા કલાકારોએ ઉત્કૃષ્ટ કલા પ્રદર્શન કરી લોકોમાં ભક્તિમય વાતાવરણ ઉભું કર્યું હતું.

આ રાસ સ્પર્ધામાં જામનગર શહેરનું શ્રી રાજશક્તિ રાસ મંડળ પ્રથમ ક્રમાંકે, સુરેન્દ્રનગર શહેરનું ગોવાળિયા રસ મંડળ દ્વિતીય ક્રમાંકે, સુરત શહેરનું ઓમ કલ્ચરલ ગ્રુપ તૃતીય ક્રમાંકે વિજેતા જાહેર થયા છે. અર્વાચીન ગરબા સ્પર્ધામાં ગાંધીનગર શહેરનું પનઘટ કલા કેન્દ્ર પ્રથમ ક્રમાંકે, સુરત શહેરનું સપ્તધ્વનિ સંગીત વર્ગ કલાવૃંદ દ્વિતીય ક્રમાંકે, તાપી શહેરનું કસ્તુર-બા અધ્યાપન મંદિર તૃતીય ક્રમાંકે વિજેતા બન્યા છે, જયારે પ્રાચીન ગરબા સ્પર્ધામાં સુરત શહેરનું સપ્તધ્વનિ સંગીત વર્ગ કલાવૃંદ પ્રથમ ક્રમાંકે, રાજકોટ શહેરની એમ.એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજ દ્વિતીય ક્રમાંકે અને અમરેલી શહેરની કે.પી.ધોળકિયા ઈન્ફોટેક મહિલા કોલેજ તૃતીય ક્રમાંકે વિજેતા ઘોષિત થયા છે.

ગુજરાતના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજીત પ્રાચીન અને અર્વાચીન ગરબા તથા રાસની સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓને રૂ.૫૧,૦૦૦, રૂ.૪૧,૦૦૦ અને રૂ.૩૧,૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

# પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના ઓપરેટર અરવિંદભાઈ વેકરીયાનો વિદાયમાન કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે કાર્યકારી ફરજ બજાવતા ઓપરેટર અરવિંદભાઈ વેકરિયાનો વિદાયમાન કાર્યક્રમ યોજાયો હતો.

સંયુક્ત માહિતી નિયામક મીતેશ મોડાસીયાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ વેકરિયાની કાર્યનિષ્ઠાને બિરદાવી હતી. સંયુક્ત નિયામક મીતેશ મોડાસીયાએ સમગ્ર કાર્યકાળ દરમ્યાન વેકરિયાએ બજાવેલી કામગીરીના વિવિધ પાસાઓની છણાવટ કરી હતી, જ્યારે નાયબ માહિતી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદીએ વેકરિયા સાથે વીતાવેલા સમયગાળાને યાદ કરીને રાષ્ટ્રપતિ, વડાપ્રધાન રાજ્યપાલ મુખ્યમંત્રી મહાનુભાવશ્રઓના અને સરકારના વિવિધ કાર્યક્રમોમાં કરેલી ઉત્કૃષ્ટ વીડિયોગ્રાફીની કામગીરીની સરાહના કરી હતી.

માહિતી ખાતામાં અરવિંદભાઈ વેકરિયાએ તેમની કારકીર્દિની શરૂઆત કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાથી કરી હતી. ત્યાર બાદ, ધંધુકા, જામનગર, રાજકોટ, પોરબંદર સહિતના જિલ્લામાં ફરજ બજાવી હતી. તેમને રાજકોટ માહિતી પરિવાર દ્વારા પુષ્પગુચ્છ, સાકર પડો, ફળ તથા શાલ ઓઢાડીને સન્માનિત કરાયા હતા.

કચેરીના અધિકારીઓ તથા કર્મ્ચારીઓએ વેકરિયા સાથેના તેમના સંસ્મરણો વાગોળ્યા હતા અને તેમને નિરામય નિવૃત્તિની શુભકામના પાઠવી હતી. આ તકે વેકરીયાએ ફરજ દરમિયાન કરેલી કામગીરીના અનેક પ્રસંગોને યાદ કરી માહિતી ખાતાના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં ના.કા.ઈ. નિલેશભાઈ વાઘેલા, સહાયક માહિતી નિયામક સર્વે સોનલબેન જોશીપુરા, રાધિકાબેન વ્યાસ અને રજાકભાઈ ડેલા તથા માહિતી પરિવારનો સ્ટાફ તેમજ કર્મચારીના પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સિનીયર સબ એડિટર સંદીપભાઈ કાનાણીએ અને આભારદર્શન માહિ-તી મદદનીશ રિધ્ધિ ત્રિવેદીએ કર્યું હતું.

# જીકીયારી ગામે ગાડા માર્ગ ખુલ્લો ન કરવા મામલતદારના હુકમનો ભંગ, પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના જીકીયારી ગામે ખેતરમાં જવા માટે ગાડા માર્ગનો ઉપયોગ કરવાની મંજૂરી વર્ષ ૨૦૨૧ માં મામલતદારે મંજૂરી આપ્યાનો હુકમ કર્યો હોવા છતાં, પિતા-પુત્રએ ફરીયાદીને ગાડા માર્ગ ન આપવા બદલ નોંધાયેલ ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી પિતા-પુત્ર વિરુદ્ધ બીએનએસ કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી તાલુકાના જીકીયારી ગામમાં ખેતી સંબંધિત જમીનના માર્ગ મુદ્દે ચાલી રહેલા વિવાદે હવે કાનૂની વળાંક લીધો છે. જેમાં ફરીયાદી જયંતીભાઈ શંકરભાઈ બાવરવા ઉવ.૬૧ એ મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી ભુદરભાઈ ત્રિભોવનભાઈ બાવરવા અને ભાવેશભાઈ ભુદરભાઈ બાવરવા રહે. જીકીયારી ગામ તા.મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી જયંતિભાઈને તેમની જમીન જીકીયારી ગામે સર્વે નં. ૧૦૨/૨ સુધી પહોંચવા માટેનો ગાડા માર્ગ આરોપીઓની જમીન સર્વે નં. ૧૦૨/૧ માંથી પસાર થાય છે. આ માર્ગ વર્ષોથી ખેતી સાધનો જેવી કે ટ્રેક્ટર, સાતી, સંચ, ગાડા વગેરેની અવરજવર માટે વપરાતો રહ્યો છે. પરંતુ આરોપી ભુદરભાઈ ત્રિભોવનભાઈ બાવરવા અને તેના પુત્ર ભાવેશભાઈ ભુદરભાઈ બાવરવા છેલ્લા કેટલાક સમયથી ફરીયાદીને આ માર્ગનો ઉપયોગ કરવા દેતા ન હતા. આ મામલે ફરીયાદીએ અગાઉ વર્ષ ૨૦૨૧માં આ મામલે મોરબી તાલુકાના મામલતદાર સમક્ષ દાવો દાખલ કર્યો હતો. મામલતદાર દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૧ ના રોજ કાયમી હુકમ કરી માર્ગ અવરોધમુક્ત રાખવા અને કોઈપણ પ્રકારની અટકાયત ન કરવા સ્પષ્ટ આદેશ કર્યો હતો.

આદેશ હોવા છતાં, આરોપીઓ ફરીયાદીને આ ગાડા માર્ગ ઉપયોગ કરવા દેતા ન હોવાથી મામલતદારના હુકમનો ભંગ થયો હોવાનું બહાર આવ્યું છે. આ ઉપરાંત માર્ગમાં અવરોધ ઉભો કરી ખેતી કામમાં વિઘ્ન પહોંચાડવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. હાલ સમગ્ર બનાવ મામલે મોરબી તાલુકા પોલીસે બન્ને આરોપીઓ સામે કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માળીયા(મી)ના ચાચાવદરડા ગામે સીરામિક કારખાનાના ગ્રાઉન્ડમાં યુવાનનું હાર્ટએટેકથી મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના ચાચાવદરડા ગામ પાસે માઈક્રોન સીરામિક કંપનીના ગ્રાઉન્ડમાં પાર્કિંગ પાસે ચાલતા સમયે અચાનક પડી ગયેલા રાજસ્થાનના ૩૫ વર્ષીય યુવાનને અચાનક હાર્ટએટેક આવતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. માળીયા(મી) પોલીસે અ.મોતની નોંધ કરી છે.

માળીયા(મી) તાલુકાના ચાચાવદરડા ગામે માઈક્રોન સીરામિક કંપનીના ગ્રાઉન્ડમાં રાજસ્થાનના અલવર જીલ્લાના મહનપુર ગામના રહેવાસી રમેશકુમાર આડીસાલ ગુર્જર ઉવ.૩૫ પાર્કિંગ ગ્રાઉન્ડ નજીક ચાલીને જતા હતા ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડ્યા બાદ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવતા, હાજર તબીબે જોઈ તપાસી રામેશકુમારનું હાર્ટએટેક આવવાથી મૃત્યુ થયું હોવાનું જાહેર કરતા, હાલ માળીયા(મી) પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં જાહેરનામાનો ભંગ કરનાર સ્પા સંચાલકની અટક કરતી એસઓજી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના શનાળા રોડ ઉપર રોયલ ક્રિસ્ટ ડે સ્પાના સંચાલકને સ્પા વર્કરોના બાયોડેટા ફોર્મ પોલીસ મથકમાં જમા ન કરાવી જાગેરનામનો ભંગ કરવા બદલ મોરબી એસઓજી પોલીસ ટીમ દ્વારા કરવામાં આવી છે.

મોરબી શહેરના સ્પા પાર્લરોમાં તપાસની કામગીરી દરમિયાન મોરબી એસઓજી પોલીસે શહેરના શનાળા રોડ પર આવેલા રાધે કોમ્પ્લેક્ષના પ્રથમ માળે આવેલ રોયલ ક્રિસ્ટ ડે સ્પાના સંચાલક મહેન્દ્રલાલ ઉર્ફે વીક્કી બીરબલલાલ રાવત ઉવ ૩૩ રહે મૂળ ઉત્તરાખંડના અગસ્તમુનિ તાલુકાના રહેવાસી, હાલ મોરબીના વાવડી રોડ ઉપર ભાડેના મકાનમાં વાળા વિરૂદ્ધ જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં આરોપીએ પોતાના સ્પામાં કામ કરતા તમામ સ્પા વર્કરોના બાયોડેટાના ફોર્મ પોલીસ સ્ટેશનમાં જમા ન કરાવી જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યો હતો. આથી સ્પા સંચાલકની અટક કરી ટેબ વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં બીએનએસની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આર્થિક તંગીના કારણે પિતા એ પુત્રીને આગળ અભ્યાસ કરવાની ના પાડતા કિશોરીએ અભયમ ટીમનો સહારો લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૮૧ મહિલા હેલ્પલાઈન પર એક સગીરા નો કોલ આવેલ જેમાં સગીરા એ જણાવેલ કે તેમને આગળ અભ્યાસ કરવો છે પરંતુ પપ્પા આગળ અભ્યાસ કરવાની ના પાળે છે જેથી પપ્પા ને સમજાવવા માટે કોલ કરી ને મદદ માંગેલ.

જેમાં સગીરા નો કોલ આવતા ની સાથે ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમ કાઉન્સેલર શીતલ સરવૈયા તથા કોન્સ્ટેબલ હર્ષાબેન અને પાયલોટ જયકિશનભાઈ સગીરા ની મદદ માટે રવાના થયેલ જેમાં સ્થળ પર પહોંચી સગીરા નું કાઉન્સિલગ કરેલ સગીરા રડતી હોય જેમાં સગીરા ને શાંત કરેલ સગીરા એ જણાવેલ તે હાલ ૧૧ મા ધોરણ માં અભ્યાસ કરે છે. જેમાં પપ્પા આગળ અભ્યાસ કરવાની ના પાળે છે તેમને આગળ ભણી ગણીને પોતાના સપના પુરા કરવા છે પરંતુ તેમના પિતા તેમની આર્થિક તંગી ના કારણે આગળ અભ્યાસ કરવાનિ ના પાડે છે

જેમાં ૧૮૧ ટીમ એ સ્થળ પર સગીરા ના પિતા નું કાઉન્સિલગ કરેલ જેમાં સગીરા ના પિતા એ જણાવેલ કે તે મજૂરી કરે છે અને તેમના ઘરના અને બાળકોના અભ્યાસ ના ખર્ચા તેમના થી પુરા થતા નથી . તેમનું ઘર તેમના પર નિર્ભર છે તેમને સંતાન માં ત્રણ બાળકો છે તે બધા ને ભણાવી સકે તેમજ નથી તેથી તેમને તેમની મોટી દીકરી ને આગળ અભ્યાસ ના કરવાનો નિર્ણય લીધો છે સગીરા ના પિતા ની વાત સાંભળી ને સગરી ના પિતા ને આજ ના યુગ માં અભ્યાસ નું કેટલું મહત્વ છે તે સમજાવેલ હોય તેમજ તેમને સમજાવેલ કે તે તેમની દીકરી ને સરકારી શાળા માં અભ્યાસ કરાવે અને સરકારી અભ્યાસ ને લગતી યોજના વિશે માહિતી આપેલ હોય તેમજ સમજાવે કે તે જેવું હાલ જીવન જીવે છે તેવું તેવા માં બાળકોના ના જીવે તે માટે અભ્યાસ ખૂબ જરૂરી છે તેથી સગીરા ના પિતા એ જણાવેલ કે તે જેવું જીવન જીવે છે તે નથી ઈચ્છતા કે તેમના બાળકો પણ જીવે તેથી તે વધુ મહેનત કરશે અને સરકારી યોજના ના લાભ લઈ ને તેમની દીકરી ને ભણાવી ને તેમના સપના પુરા કરશે જેમાં સગીરા ના પિતા એ જણાવેલ તે તેમની દીકરી ને આગળ અભ્યાસ કરવાની પરવાનગી આપેલ.

# મોરબીની નાની બજાર ચોકમાં રહેણાંકમાંથી ૯૪ જીવલેણ પ્રતિબંધિત ચાઈનીઝ ફીરકી સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં મકરસંક્રાંતિ પૂર્વે જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા અનુસંધાને મોરબી શહેર પોલીસ કાર્યરત હોય તે દરમિયાન નાની બજાર વિસ્તારમાં આવેલ રહેણાંકમાં રેઈડ કરી ૯૪ પ્રતિબંધિત ચાઈનીઝ ફીરકી જપ્ત કરી અને એક વ્યક્તિની અટકાયત કરી છે. આ સાથે આરોપી સામે જાહેરનામા ભંગ અને જીપી એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

મોરબી ઉતરાયણ તહેવારને ધ્યાનમાં રાખી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન તથા જીવલેણ ચાઈનીઝ દોરીના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામા અનુસંધાને સીટી એ ડિવિઝન પોલીસ કાર્યરત હોય તે દરમિયાન મળેલ બાતમીના આધારે નાની બજાર ચોક વિસ્તારમાં સમીર બ્લોચના રહેણાંક મકાનમાં રેઈડ કરી હતી. તપાસ દરમિયાન ત્યાંથી ૯૪ પ્રતિબંધિત ચાઈનીઝ ફીરકી કિ.રૂ.૩૭,૦૦૦/- મળી આવી હતી. કિંમત અંદાજે રૂ. ૩૭,૦૦૦, જપ્ત કરવામાં આવી હતી. આ સાથે પોલીસે આરોપી સમીરભાઈ વજીભાઈ બ્લોચ ઉવ.૨૮ ને ઝડપી લીધો છે. તેની સામે એ ડિવિઝન પોલીસે જાહેરનામા ભંગ તેમજ જીપી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# ટંકારા-લતીપર ચોકડી નજીક બાઈક આંતરી યુવક પર ત્રણ શખ્સોએ હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારામાં ભૂંડ પકડવા બાબતે થયેલ બોલાચાલી ઝઘડામાં પોલીસમાં અરજી કર્યા બાબતનો ખાર રાખી અરજી કરનારના ભાઈને માર મારી મોટર સાયકલમાં નુકસાની કરી હતી. જેમાં ટંકારા-લતીપર ચોકડી નજીક યુવકના બાઈકને આંતરી ત્રણ શખ્સોએ હુમલો કરી મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી.

ટંકારા-લતીપર ચોકડી નજીક તા.૨૬/૧૧ ના બપોરે ગુરમુખસિંગ કમલસિંગ બાવરી ઉપર ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો. ફરિયાદ મુજબ, અગાઉ ભૂંડ પકડવા બાબતની બોલાચાલી થતા ભોગ બનનારના ભાઈ ફરિયાદી કલ્લુસીંગ ઉર્ફે સતપાલસિંગ કમલસિંગ બાવરી રહે.ટંકારા જમજમનગર સોસાયટી સરદાર સ્કુલ પાસે વાળાએ પોલીસમાં અરજી કરી હતી, જેનો ખાર રાખી આરોપીઓ મખનસીંગ મહેન્દ્રસિંહ બાવરી, ક્રિપાલસિંહ મહેન્દ્રસિંહ બાવરી અને ભગતસિંહ ઉર્ફે જગ્ગી મહેન્દ્રસિંહ બાવરી રહે. સરદાર સોસાયટી ટંકારા વાળાએ ગુરમુખસિંગના બાઈક રજી.નં. જીજે-૦૪-ડીક્યુ-૮૦૭૫ને ઉભું રખાવી યુવકને ત્રણ ચાર ઝાપટ મારી તેના મોટર સાયકલમાં નુકસાની કરી હતી. ત્યારે સમગ્ર બનાવ અંગે ટંકારા પોલીસ મથકમાં ફરિયાદી કલ્લુસીંગ ઉર્ફે સતપાલસિંગ દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં શ્રીમદ્ ભગવદ ગીતા જયંતિ નિમિત્તે ગીતા-મહોત્સવનું ભવ્ય આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, મોરબી જીલ્લા શિક્ષણ અધિકારી કચેરી અને સાર્થક વિદ્યામંદિરના સંયુક્ત ઉપક્રમે આજ રોજ ૦૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ શ્રીમદ્ભગવદ ગીતા જયંતિ નિમિત્તે ગીતા મહોત્સવ યોજાશે. સંસ્કૃત ભાષા અને ભારતીય પરંપરાની ઉજવણી રૂપે આ કાર્યક્રમમાં પાઠ, સ્પર્ધકોનું સન્માન, સંસ્કૃત ગરબા અને દશાવતાર જેવી કૃતિઓનું આયોજન કરવામાં આવશે.

ભારતીય સાંસ્કૃતિક પરંપરા અને સંસ્કૃત ભાષાના સંવર્ધનને પ્રોત્સાહન આપવા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ તેમજ મોરબી જીલ્લા શિક્ષણ અધિકારી કચેરી અને સાર્થક વિદ્યામંદિરના સંયુક્ત સહયોગથી ૦૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ગીતા-મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રીમદ્ભગવદ ગીતા જયંતિના શુભ અવસરે યોજાનાર આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સંસ્કૃત ભાષાનો પ્રચાર-પ્રસાર અને યુવા પેઢીમાં ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો પ્રત્યે જોડાણ વધારવાનો છે. કાર્યક્રમ અંતર્ગત સંસ્કૃત બોર્ડ દ્વારા યોજના પંચકમ હેઠળની ગીતા કંઠપાઠ યોજના તેમજ શતસુ-ભાષિત કંઠપાઠ યોજનામાં ભાગ લેનારા તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર તથા શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવશે. વિદ્યાર્થીઓના ઉત્સાહ અને પ્રતિભાને યોગ્ય મંચ મળે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સંસ્કૃત યુક્ત અનેક કલાત્મક રજૂઆતો પણ કાર્યક્રમને બિરદાવશે, જેમાં સંસ્કૃત ગરબા, દશાવ-તારની સર્જનાત્મક રજૂઆત, તેમજ ગીતાજીના ૧૨મા અધ્યાયનું પઠન સામેલ છે. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ અને શહેરવાસીઓને સંસ્કૃત ભાષાની સૌંદર્યમયતા અને ભારતીય પરંપરાની ઊંડાઈ અનુભવવાની તક મળશે. સંપૂર્ણ ગીતા મહોત્સવનું આયોજન સાર્થક વિદ્યામંદિર મોરબી ખાતે કરવામાં આવ્યું છે.

# મોરબીના તત્કાલિન ડીડીઓ જે.એસ. પ્રજાપતિને શ્રેષ્ઠ જીલ્લા વિકાસ અધિકારીનો પુરસ્કાર અપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**




મોરબી ગુજરાત સરકાર દ્વારા જીલ્લાવાર યોજનાઓના મૂલ્યાંકનમાં મોરબીના તત્કાલિન જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિને વર્ષ ૨૦૨૪-૨૫ માટે શ્રેષ્ઠ કામગીરી બદલ શ્રેષ્ઠ જીલ્લા વિકાસ અધિકારી તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. વલસાડ જીલ્લાના ધરમપુર ખાતે યોજાયેલા રાજ્યસ્તરીય ચિંતન શિબિરમાં આ સન્માન આપવામાં આવ્યું હતું.

ગુજરાત સરકાર રાજ્યના તમામ જીલ્લાઓમાં વિવિધ વિભાગો દ્વારા અમલમાં લાવવામાં આવતી યોજનાઓનું નિયમિત મૂલ્યાંકન કરે છે. શિક્ષણ, આરોગ્ય, પંચાયત અને ગ્રામ વિકાસ, જીલ્લામાં ચલાવાતી વિકાસ એજન્સીઓ, ખેતીવાડી, પશુપાલન, મહિલા અને બાળ વિકાસ, માર્ગ અને મકાન, સિંચાઈ, સમાજ કલ્યાણ, આયુર્વેદ અને આંકડાશાસ્ત્ર જેવા વિભાગોની કામગીરીને આધારે દરેક જીલ્લામાં ઓવર-ઓલ તથા વિભાગવાઈઝ રેંકિંગ જાહેર થાય છે. ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫ની કામગીરીના આ જ મૂલ્યાંકનના આધારે સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા મોરબીના તત્કાલિન જીલ્લા વિકાસ અધિકારી જે.એસ.પ્રજાપતિ (હાલ કલેક્ટર-વાવ, થરાદ)ને રાજ્યસ્તરે શ્રેષ્ઠ જીલ્લા વિકાસ અધિકારી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. વલસાડ જીલ્લાના ધરમપુર ખાતે તા. ૨૯/૧૧ના રોજ યોજાયેલી રાજ્યસ્ત-રીય ચિંતન શિબિર દરમ્યાન તેમને આ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

ત્યારે જે.એસ.પ્રજાપતિએ આ સિદ્ધિ માટે જીલ્લા પંચાયત મોરબીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે જીલ્લા પંચાયતના દરેક વિભાગ- શિક્ષણથી લઈને આરોગ્ય, ગ્રામ વિકાસથી લઈ ખેતીવાડી, પશુપાલન, મહિલા અને બાળ વિકાસ, સિંચાઈ સહિતના વિભાગોની ટીમની મહેનત અને નિષ્ઠા વગર આવી સિદ્ધિ શક્ય નથી. મોરબી જીલ્લામાં બનેલી સુવ્યવસ્થિત ટીમવર્ક, સમયસર યોજનાઓનો અમલ અને વિકાસલક્ષી કામગીરીમાં ઉત્કૃષ્ટતા એ આ સન્માનનું મુખ્ય કારણ ગણાવ્યુ છે. જીલ્લા પંચાયતના તમામ સ્તરે કાર્યરત અધિકારીઓ અને કર્મચારીઓએ મોરબીનું ગૌરવ વધાર્યું છે. તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીના જુના નાગડાવાસ ગામે ચા ની દુકાને પાર્ક કરેલ મોટર સાયકલની ચોરી

મોરબી તાલુકાના જુના નાગડાવાસ ગામે રહેતા રાજેશભાઈ હરિભાઈ લખધીરકા ઉવ.૪૭ ગત તા.૨૬/૧૧ના રોજ સાંજના અરસામાં જુના નાગડાવાસ ગામે આવેલ કરશનભાઈની ચાની દુકાને હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. જીજે-૩૬-જે-૮૪૧૭ વાળું મોટર સાયકલ પાર્ક કરી ફરિયાદી રાજેશભાઈ અને કરશનભાઇ બન્ને મોરબી ખાતે પ્રસંગમાં ગયા હતા, જે બાદ રાત્રીના ૧૧ વાગ્યાબ અરસામાં મોરબીથી પરત ફરી મોટર સાયકલ પાર્ક કરેલ સ્થળે આવી જોતા, ત્યાંથી કોઈ અજાણ્યો ઈસમ ઉપરોક્ત મોટર સાયકલ ચોરી કારીબે લઈ ગયો હતો. મોટર સાયકલ ચોરી અંગે પ્રથમ ઇ-એફઆઈઆર બાદ તાલુકા પોલીસ મથકમાં રાજેશભાઈની ફરિયાદને આધારે પોલીસે આરોપી અજાણ્યા વાહન ચોર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં જૂની અદાવતમાં યુવકને ધારીયાના ઘા મારી જાનથી મારી નાખવાની ધમકી, ૫ વિરુદ્ધ ગુનો દાખલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં અસામાજિક તત્વોએ ફરી માથું ઉચક્યું હોય તેમ શહેરમાં કાયદો અને વ્યવસ્થાનો કોઈ ડર ન રહ્યો હોય તેમ જાહેર રોડ ઉપર જૂની અદાવતનો ખાર રાખી યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપ્યા બાદ યુવકને શનાળા રોડ હાઉસિંગ બોર્ડ ખાતે તેના જ રહેણાંક મકાને અન્ય ચાર સાગરીતોને મોકલી, લોખંડના ધારીયા તથા ઢીકા પાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હાલ સમગ્ર બનાવ અંગે સારવારમાં રહેલ યુવક દ્વારા પાંચ જેટલા ઈસમો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મોરબીમાં જૂની અદાવતનો ખાર રાખી યુવક ઉપર જીવલેણ હુમલો થયા અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબીના શનાળા રોડ ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર એમ-૧૦૦૫ માં રહેતા શક્તિસિંહ દિલીપસિંહ ઝાલા ઉવ.૩૨ એ સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં હોય ત્યાંથી એ ડિવિઝન પોલીસ સમક્ષ આપવામાં આવેલ ફરીયાદ માં આરોપી અજયસિંહ વિજયસિંહ જાડેજા રહે. હાલ મોરબી મુળ રહે.સરવડ ગામ, પરથરાજસિંહ ભગીરથસિંહ ગોહિલ રહે. ત્રણ માળીયા ગુ.હા.બોર્ડ શનાળા રોડ, કૃષ્ણરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા રહે.હાલ રાજક્રિષ્ના સ્કૂલ સામે મોરબી મૂળ રહે.ભીમકટા, રવિ ઉર્ફે છપરી બહાદુરસિંહ ઝાલા રહે.રાધેક્રિષ્ના સ્કૂલ પાસે મોરબી તથા ઉર્વરાજસિંહ ઉર્ફે ઉર્વીસ રહે.ત્રણ માળીયા ગુ.હા.બોર્ડ શનાળા રોડ મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેમાં જણાવ્યા અનુસાર આરોપી અજયસિંહ અને પાર્થરાજસિંહ સાથે ફરિયાદી શક્તિસિંહને જૂની અદાવત હોય ત્યારે ગઈકાલ તા ૨૯/૧૧ના રોજ ફરિયાદી પોતાનું એકટીવા લઈને જતા હોય ત્યારે સરદાર બાગના પાછળના ભાગે રોડ ઉપર આરોપી અજયસિંહે ફરિયાદીને રોકી જેમફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ ફરિયાદી તેના રહેણાંક મકાન પાસે પહોચતા આરોપી પાર્થરાજસિંહ સહિતના ચારેય આરોપીઓ હાથમાં લોખંડના ધારીયું લઈને આવી ફરિયાદી શક્તિસિંહને આડેધડ ઢીકા પાટુનો માર મારી ધારીયા વડે એક ઘા ગળા અને ખંભાની વચ્ચે મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, આ દરમિયાન ફરિયાદીના મિત્ર નૈમિશભાઈને પણ વાસામા ધારીયાનો ઉંધો ઘા માર્યો હતો. આ દરમિયાન આજુબાજુના લોકો એકઠા થઈ જતા, તમામ આરોપીઓ સ્થળ ઉપરથી ચાલ્યા ગયા હતા, ત્યારે ફરિયાદી તથા તેમના મિત્રને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. હાલ સીટી એ ડિવિઝન પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ઉતરાયણના તહેવાર પૂર્વે ચાઈનીઝ દોરી વેંચતા બે વેપારી પોલીસની ઝપટે ચડયા

## એ ડિવિઝન પોલીસે મોચી બજાર અને ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે સદરબજારમાંથી ૧૨૩ ફીરકી કબ્જે કરી





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ઉત્તરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે શહેરમાં જીવલેણ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ અટકાવવા પોલીસે બજારોમાં સઘન ચેકિંગ હાથ ધરવાનું શરૂ કર્યુ હોય તે દરમ્યાન એ ડિવિઝન પોલીસે મોચીબજાર અને ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે સદરબજારમાંથી ૧૨૩ ફીરકીઓ સાથે બે વેપારીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મોચી બજાર, સદરબજાર સહિતના વિસ્તારોમાં પીઆઇ બી.વી.બોરીસાગરની સુચનાથી હેડ કોન્સ. મહેશભાઇ ચાવડા અને કલ્પેશભાઇ બોરીચા સહિતના સ્ટાફે દુકાનોમાં ચેકિંગ હાથ ધર્યુ હતું. તે દરમ્યાન મોચી બજાર નજીક જુની સટ્ટાબજાર પાસે આવેલ જાહેર શૌચાલય નજીક પ્રતિબંધિત પ્લાસ્ટીકની ચાઇનીઝ દોરી ૧૦૦ જેટલી ફીરકીઓ સાથે અપ્પુ નાનજી વઢવાણીયા (રહે.ગાયકવાડી સોસાયટી, હાઉસીંગ કવોર્ટર) નામના વેપારીને દબોચી લઇ રૂ.૨૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

જયારે બીજા બનાવમાં ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી હેડ કોન્સ. રાહુભાઇ ગોહિલ, શક્તિસિંહ, હેમેન્દ્રભાઇ સહિતનો સ્ટાફ સદરબજાર વિસ્તારમાં પેટ્રોલિંગ હાથધરી ચાઇનીઝ દોરીનું વેચાણ કરતા વેપારીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તે દરમ્યાન સદરબજારમાં આવેલ શિવશક્તિ સીઝન સ્ટોર નામની દુકાનમાં ચેકિંગ હાથ ધરતા ૨૦થી વધુ ચાઇનીઝ દોરી મળી આવતા પોલીસે વેપારી નીલેશ રમેશ કુંડોલીયા (રહે. રૈયા રોડ, સમર્પણ સોસાયટી, શેરી નં.૧, સદગુરૂતીર્થ ધામ સામે) નામના વેપારીની ધરપકડ કરી રૂ.૪૬૦૦ની કિંમતની ૨૩ ફીરકીઓ કબ્જે કરી હતી.

# એરપોર્ટ ફાટકથી થોડે દુર ૧૦૦થી વધુની સ્પીડે આવતી કારે અન્ય કાર-સ્કૂટરને હડફેટે લીધા

## ચાર લોકો કાર રેઢી મૂકી ફરાર નંબર પ્લેટ વગરની કાળા કાચથી સજ્જ કારના માલિક-ચાલકની શોધખોળ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં એક બાજુ પોલીસ કાળા કાચ, નંબરપ્લેટ વગરના વાહનોનું ચેકિંગ કરીને દંડ ઉઘરાવી રહી છે ત્યારે બીજી બાજુ આ જ પ્રકારે નિયમનો છડેચોક ઉલાળિયો કરીને દોડતાં વાહનોનો પણ તૂટો નથી. આવી જ એક કારે ૧૦૦થી વધુની સ્પીડે ધસી આવી સામે આવી રહેલી અન્ય એક કાર અને સ્કૂટરને હડફેટે લેતાં ભાગદોડ મચી જવા પામી હતી. આ અંગે એસઆરપી કેમ્પની સામે અરાઈસ વન બિલ્ડિંગમાં રહેતા અને મારૂતિ સુઝુકીના શો-રૂમમાં મેનેજર તરીકે નોકરી કરતા નિખિલેશભાઈ અશોકભાઈ ગોહેલે ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેઓ રવિવારે સવારે ગોંડલ રોડ પર આવેલા શો-રૂમ પર નોકરીએ જવા માટે પોતાની જીજે૩એનબી-૫૦૩૮ નંબરની મારૂતિની ફ્રોંક્સ કાર લઈને નીકળ્યા હતા. ભોમેશ્વરથી એરપોર્ટ ફાટક થઈ આમ્રપાલી બ્રિજ તરફ જવાના રોડ ઉપર રેલવેના પાટા પાસે પહોંચ્યા ત્યારે ૧૦૩૦ વાગ્યા આસપાસ તેમની સામેથી સફેદ કલરની પોલો કાર ધસી આવી હતી અને તેની સ્પીડ ૧૦૦થી વધુનું હોવાનું લાગ્યું હતું. આ કારે પહેલાં નિખિલેશભાઈની કારને હડફેટે લઈને નુકસાન કર્યા બાદ પાછળ આવી રહેલા એક્ટિવાચાલક દંપતિને પણ હડફેટે લીધું હતું. અકસ્માત કર્યા બાદ કારમાં બેઠેલા ચારેક લોકો નાસી છૂટ્યા હતા. કારમાં નંબરપ્લેટ લગાવેલી ન્હોતી અને પાછળના ભાગે ''જય ઠાકર' લખેલું જોવા મળ્યું હતું. કારની અંદર તપાસ કરતા જીજેદુઈડી-૪૮૧૬ નંબરની નંબરપ્લેટ પણ મળી આવી હતી. નિખિલેશભાઈના જણાવ્યા પ્રમાણે અકસ્માત કર્યા બાદ ચાર લોકો એકબીજાને ઈશારો કરીને રવાના થઈ ગયા હતા સાથે સાથે એવું પણ જાણવા મળ્યું હતું કે મનિયો કોળી નામનો યુવક કે જે એક દિવસ પહેલાં જ પૉક્સોના ગુનામાંથી બહાર આવ્યા બાદ કાર લઈને નીકળ્યો હતો. જો કે આ મુદ્દે પોલીસ દ્વારા કોઈ સત્તાવાર જાણકારી અપાઈ ન્હોતી.

# ગુજરાત પોલીસમાં ૧૩૫૯૧ ઉમેદવારની ભરતી કરાશે: તા.૩થી ૨૩ ડિસેમ્બર સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

## ૬૫૯ બિનહથિયારી, ૧૨૯ હથિયારી પીએસઆઇ, ૭૦ જેલર ગ્રુપ-૨ ઉપરાંત ૬૯૪૨ બિન હથયારી કોન્સ્ટેબલ સહિતની ભરતી જાહેર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના પોલીસબેડામાં પી એસ આઈ, કોન્સ્ટેબલ, જેલ સિપાઈ સહિતની મહત્તમ જગ્યાઓ મંજૂર મહેકમ પ્રમાણે આલી પડી હોય સમયસર ફરિયાદ ન નોંધાવવા સહિતની અનેક ફરિયાદ મળી રહી હતી. આ ઉપરાંત વિપક્ષને પણ 'હથિયાર' મળી જતું હોવાને કારણે આખરે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા જમ્બો ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. ટઉંક સમયમાં જ ગુજરાત પોલીસમાં કુલ ૧૩૫૯૧ની ભરતી કરવામાં આવશે તેવી જાહેરાત પોલીસ ભરતી બોર્ડના ચેરમેન નિરજા ગોટરું દ્વારા કરવામાં આવી હતી.

જાહેરાત પ્રમાણે પોલીસ વિભાગમાં ૬૫૯ બિન હથિયારી પીએસઆઈ, ૧૨૯ હથિયારી પીએસઆઈ, ૩૦ જેલર ગ્રુપ-૨ મળી કુલ ૮૫૮ જગ્યા ભરાશે. આ ઉપરાંત બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલની ૬૯૪૨, ૨૪૫૮ હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, ૩૦૦૨ હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (એસઆરપીએફ), ૩૦૦ જેલસિપાહિ (પુરુષ) અને ૩૧ જેલસિપાહી (મહિલા-મેટ્રન) મળી કુલ ૧૨૭૩૩ની ભરતી કરવામાં આવશે. ઉપરોક્ત તમામ ભરતી અંગેની વિગત https:/ojas gujrat gov.in વેબસાઈટ તેમજ ભરતી બોર્ડની https://gprh-gujarat.gov.in ઉપર મુકવામાં આવશે. પીએસઆઈ કેડર અને લોકરક્ષક કેડરની ભરતી અંગેની તમામ માહિતી વેબસાઈટ ઉપર ૩-૧૨-૨૦૨૫ના અપલોડ કરાશે. ઉમેદવારોએ તેના ઉપર જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. પીએસઆઈ કેડર અને લોકરક્ષક કેડરની ઓનલાઈન અરજીઓ તા.૩-૧૨-૨૦૨૫થી તા.૨૩-૧૨-૨૦૨૫ના રાત્રે ૧૧૫૯ સુધી સ્વીકારાશે. કોઈ પણ અરજી લેખિત કે ઈ-મેઈલથી કરી શકાશે નહીં. અરજી કર્યા પછી કન્ફર્મ કરીને તેની પ્રિન્ટ કાઢવી ફરજિયાત છે.

# આંબેડકરનગરમાં જૂના ઝઘડાનો ખાર રાખી યુવાન પર પાંચ શખ્સોએ હુમલો કરી વાહન તોડી નાખ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના આજી વસાહતમાં જૂના ઝઘડાનો ખાર રાખીને પાંચ શખસોએ યુવકને બેફામ માર મારી પથ્થરના ઘા ઝીંકી ટૂ-વ્હિલરમાં નુકસાની કરતાં થોરાળા પોલીસ મથકમાં પાંચેય સામે ગુનો નોંધાયો છે. આ અંગેની વિગતો મુજબ આજી વસાહત ૮૦ ફુટ રોડ પર આંબેડકરનગર શેરી નં.૧૧માં રહેતા સુજલ સંજયભાઈ બાબરિયા (ઉ.વ.૨૧) એ આરોપી તરીકે સુજબ દીપક પરમાર, મપુર કિશોર ખીમસુરિયા, જયેશ ઉર્ફે જય ઉર્ફે ચાવડા, મોહિત ઉર્ફે કાળુ દીપક પરમાર, મીત ઉર્ફે મીતુ કિશોર પરમાર (રહે.તમામ થોરાળા)ના નામ આપીને ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તા.૨૭-૧૧-૨૦૨૫ના રાત્રીના ૧૨-૧૫ વાગ્યા આસપાસ તે ગંજીવાડા મેઈન રોડ પર રહેતા સંબંધીના ઘરેથી પરત ફરી રહ્યો હતો ત્યારે આંબેડકરનગર શેરી નં.૩માં પહોંચતા જ અગાઉ ઝઘડો થયેલ હોય તે સુજલ મપુર અને જયેશ ત્યાં ઉભા હોય જેથી તેઓએ ટૂ-વ્હિલરની ચાવી કાઢીને તારું જ કામ હતું, તને કેટલાય દિવસથી ગોતીએ છીએ તેમ કહીને ત્રણેષએ ઢીકા, પાટુ અને લાતો મારવા લાગેલ. સુજલ રોડ ઉપર પટકાતા આજે તને મારી જ નાખવો છે તેવી ધમકી આપી હતી. દરમિયાન મોહિત અને મીત પણ આવી ગયેલ જે બાદ તમામ આરોપીઓએ યુવકને બેકામ ફટકારી માર માર્યો હતો. વધુ મારની બીકેથી સુજલ ભાગી જતાં પાછળથી આરોપીઓએ તેના ટૂ-વ્હિલરમાં પથ્થરો કટકારીને નુકસાન પહોંચાડ્યું હતું. તમામ દરમિયાન યુવકના મોટા બાપુ આવી જતાં તમામ ત્યાંથી નાસી છૂટ્યા હતા. લોહીલુહાણ હાલતમાં સુજલને સિવિલ હોસ્પિટલમાં સારવ-ાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે થોરાળા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કુવાડવા પાસે બંને સાઇડ ૫ કીલોમીટર ટ્રાફિક જામ



## વાહનોના થપ્પા લાવ્યા, ટ્રાફિક કિલયર કરવા પોલીસને પગે પાણી ઉતર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર કુવાડવા પાસે રવિવારે સમી સાંજે બંને સાઈડ પાંચ કિલોમીટર જેટલો ટ્રાફિક જામ થતા વાહનોના થપ્પા લાગી ગયા હતા. ટ્રાફિક કિલયર કરવા માટે દોડી ગયેલા પોલીસ કર્મીઓને પગે પાણી ઉતરી ગયા હતા.

વિગતો મુજબ, રાજકોટ અમદાવાદ હાઈવે પર હાલ સિકસ લેનનું કામ ચાલી રહ્યું છે જેને લઈને ઠેર ઠેર બ્રિજ બની રહ્યા છે. જોકે આવો એક બ્રિજ કુવાડવા ચોકડીએ પણ બની રહ્યો હોય ત્યારે સિગલ પટ્ટી રોડ થતાં જ ભારે ટ્રાફિક સર્જાયો હતો. આ અંગે કોઈ જાગૃત નાગરિકે પોલીસ કંટ્રોલમાં જાણ કરતા પીઆઈ આર.જી બારોટ સહિતનો કાફલો દોડી જઈ ટ્રાફિક કિલયર કરવા જહેમત ઉઠાવી હતી. પીઆઈના જણાવ્યા મુજબ, હાલ લગ્નની સિઝન હોય જેથી આ રોડ ઉપર વાહનો વધુ પસાર થઈ રહ્યા છે. તેમજ કુવાડવા ગામે બની રહેલા બ્રીજને કારણે હાઈવે ઓથોરોટી દ્વારા અહીં આડશ લગાવી દીધી છે જેથી રસ્તો સાંકડો અને સિગલ પટ્ટીનો થઈ ગયો છે. તેમજ આ રોડ ઉપર ખાડા હોય જેથી વાહનો ધીમી ગતિએ પસાર થઈ રહ્યા છે જેથી આ ટ્રાફિકજામ સર્જાયો હતો. વધુમાં જણાવ્યું હતું કે, બ્રિજનું કામ ચાલુ થઈ રહ્યું હોય તે પહેલા પોલીસે હાઈવે ઓથોરિટીને સિગલ પટ્ટી રોડ કરવા માટે કહ્યું હતું જેથી વાહનો સામાન્ય ગતિમાં પસાર થઈ શકે બંને સાઇડ પાંચ કિલોમીટરનો ટ્રાફિક હોય જેમાં વાહન ચાલકો કલાકો સુધી ફસાઈ ગયા હતા.

# કુખ્યાત મૂરગા ગેંગના ૧૨ શખ્સો ગુજસીટોકના ગુનામાં ૧૦ દિવસના રિમાન્ડ પર

## સરા જાહેર ફાયરિંગ કરનાર પેંડા અને મૂરઘા ગેંગ વિરુદ્ધ ૩૮ સભ્યો સામે ગુનો નોંધાયો'તો; પાંચ આરોપીઓ વોન્ટેડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ક્રાઈમ બ્રાંચે અંધાધૂંધ ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતી 'મૂરગા ગેંગ' પર ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ (ગુજસીટોક) કાયદા હેઠળ ગંભીર ગુનો નોંધી સકંજો કસ્યો છે. આ ગેંગના કુલ ૨૧ સભ્યો સામે ગુજસીટોક હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જેમાંથી ૧૧ આરોપીઓની ધરપકડ કરીને પોલીસે કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે તમામ આરોપીઓને ૧૦ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો છે, જેના પગલે ક્રાઈમ બ્રાંચે સઘન પૂછપરછ શરૂ કરી છે. મૂરગા ગેંગના સભ્યો વિરુદ્ધ છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં રાજકોટ શહેર અને આસપાસના અન્ય જિલ્લાઓમાં ખૂનની કોશિષ, ફાયરિંગ, ખંડણી, અને સરકારી ફરજમાં રૂકાવટ સહિત કુલ ૩૬ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયા છે. આ ગેંગ દ્વારા આચરવામાં આવતી સંગઠિત ગુનાખોરીને ધ્યાને લઈને ક્રાઈમ બ્રાંચના એસીપી બી.બી. બસિયાએ કડક કાર્યવાહી હાથ ધરી હતી અને ગેંગના ૨૧ સભ્યો સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આ કાર્યવાહીના ભાગરૂપે, મૂરગા ગેંગના ૧૧ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે, જેમને પોલીસે આજે રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કર્યા હતા. નોંધનીય છે કે આ ગેંગના અન્ય પાંચ આરોપીઓ હાલમાં જેલવાસ ભોગવી રહ્યા છે, જ્યારે બાકીના પાંચ આરોપીઓ વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે અને તેમને પકડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ પહેલાં, શહેરમાં મંગળા રોડ પર અંધાધૂંધ ફાયરિંગની ઘટના બાદ ક્રાઈમ બ્રાંચે 'પેંડા ગેંગ સામે પણ ગુજસીટોક હેઠળ ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી. સતત બે મોટી ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી થતાં રાજકોટના ગુનાહિત તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# રેલનગરમાં યુવક સાથે થયેલા ઝઘડાનો ખાર રાખીને બે શખ્સોએ પિતાને મારમાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલેન્ગરમાં યુવક સાથે થયેલી બોલાચાલીનો ખાર રાખીને બે શખસોએ યુવકના પિતાને માર મારી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોલીસમાં ગુનો નોંધાયો હતો. આ અંગેની વિગતો મુજબ, રેલનગર લાલ બહાદુર શાસ્ત્રી ટાઉન શીપમાં રહેતા ગીતાબેન કનુભાઈ કરપડા ( ઉંમર ૪૩) એ રેલનગરમાં છત્રપતિ ટાઉનશીપમાં રહેતા આરોપી મોઇન ફિરોઝ ફકીર અને તેના પિતા ફિરોઝ ફકીર સામે પ્રદ્યુમ્નનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તારીખ ૨૮/૧૧/૨૫ના પોતાના ઘરે હોય ત્યારે બંને પિતા પુત્ર આવેલ અને તમારો છોકરો કાઠી ક્યાં છે તેમ પૂછ્યું હતું જેથી ગીતાબેને તારે શું કામ છે ? તેમ કહેતા મોઈને જણાવેલ કે, સવારે અમારે ઝગડો થયો છે જેથી કાઠીને મારવો છે તેમ કહીને મોઈનના પિતા ફિરોઝએ કનુભાઈનો કોલર પકડી ઝપાઝપી કરી ઢીકાપાટુનો મારમાર્યો હતો. જે બાદ બંને પિતા-પુત્રએ તેની પાસે રહેલી છરી બતાવી કનુભાઈને ધમકી આપી હતી કે તારા દીકરાને બહાર કાઢ આજે એને પતાવી નાખવો છે જો કે પુત્ર ઘરે ન હોવાનું કહેતાં જ બંને ત્યાંથી ચાલ્યા ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# સડકપીપળીયા પાસે ડ્રગ્સ સાથે પકડાયેલ જંગલેશ્વરના બે શખ્સોને ૧૫ વર્ષની કેદ

## અલ્પ્રાઝોલમ માદક પદાર્થના કેસમાં સજાનો રાજ્યમાં પ્રથમ ચુકાદો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સડકપીપળીયા પાસે ડ્રગ્સ સાથે પકડાયેલ જંગલેશ્વરના ઇમ્તિયાઝ દોઢિયા અને મહેશ ભોજવીયાને રાજકોટની સ્પેશ્યલ એનડીપીએસ કોર્ટે ૧૫ વર્ષની કેદની સજા ફટકારી છે. વર્ષ ૨૦૧૮માં રાજકોટ ગ્રામ્ય એસઓજી પીઆઇ રાણા અને તેમની ટીમે આરોપીઓને ૪૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા હતા. ગાંજા અને બીજા માદક પદાર્થમાં કોર્ટે સજા આપ્યાના કિસ્સા છે. પણ અલ્પ્રાઝોલમ માદક પદાર્થના કેસમાં સજાનો રાજ્યમાં આ પ્રથમ ચુકાદો છે. કોર્ટે બંને આરોપીને રૂ.૧-૧ લાખનો દંડ પણ ફટકાર્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ, બનાવની વિગત એવી છે કે, તા.૧૭/૧૧/૨૦૧૮ ના રોજ રાજકોટ ગ્રામ્ય એસઓજી પી.આઈ. એમ.એન. રાણાને ખાનગી બાતમી મળેલ કે, રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં રહેતા બે ઈસમો પોતાના મોટરસાયકલમાં ગેરકાયદેસર માદક પદાર્થ રાખી વેચાણ અર્થે સકડપીપળીયા ગામ નજીક નેશનલ હાઈવે ગોંડલ રોડ પાસે આવેલ ગેબનશાહ પીર દરગાહ પાસે વેંચાણ અર્થે નીકળવાના હોય જેથી પી.આઈ. રાણાએ દરગાહ પાસે પોતાના સ્ટાફને ગોઠવી મળેલ બાતમી મુજબ મોટરસાયકલ વાળા બે ઈસમોને રોકી ઉભા રાખેલ અને પુછપરછ તપાસ કરતાં નામ મહેશ કરશન ભોજવીયા (રહે. જંગલેશ્વર-૨૭, રાજકોટ) તથા બીજો ઈમ્તીયાઝ અબ્દુલ દોઢીયા (રહે. જંગલેશ્વર-૨૭, રાજકોટ) હોવાનું જણાવેલ.

બંન્નેની પંચો રૂબરૂ અંગ ઝડતી કરતા મહેશ પાસેથી ૨૬૨.૫૪૦ ગ્રામ તથા ઈમ્તીયાઝ પાસેથી ૧૭૭.૩૩૦ ગ્રામ કુલ ૪૩૯.૮૭૦ ગ્રામ અલ્પ્રાઝોલમ માદક પદાર્થ મળી આવેલ હતો. જે આશરે ૪૦ લાખથી વધુની કિંમતનું ડ્રગ્સ હતું. એફ.એસ.એલ. તથા તોલમાપ દ્વારા વજન અને માદક પદાર્થની ખરાઈ કરેલ. બાદ ધોરણસર બન્ને ઈસમોની અટક કરી બન્ને વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ હતી.

સરકારી વકીલ સમીર એમ. ખીરાએ કેસ મજબુત કરતા ૧૭ દસ્તાવેજી પુરાવા તથા ૯ સાહેદો તપાસેલ હતા. સુપ્રિમ કોર્ટના તાજેતરના ચુકાદાઓ રજુ રાખેલ તેમજ સરકારી વકીલ સમીર ખીરાએ દલીલો કરેલ કે, આરોપીઓ પાસેથી કોમર્શિયલ કવોન્ટીટીનો મુદ્દામાલ કબજે થયેલ હોય, તમામ દલીલો ધ્યાને રાખી સેશન્સ જજ ડી. એસ. સિંઘએ નાર્કોટીકસના કેસમાં બંને આરોપીઓને ૧૫-૧૫ વર્ષની સખત કેદ અને રૂપિયા ૧-૧ લાખનો દંડ કરી સજા કરેલ. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ સમીર ખીરા રોકાયેલા હતા.

# પેલેસ રોડ પર લક્ષ્મીનારાયણ જ્વેલર્સમાંથી રૂ.૧૮ લાખનું સોનુ લઈ બે બંગાળી કારીગર ફરાર

## સોની વેપારીએ કારીગરોને બે દિવસ પહેલા જ કામે રાખ્યા, કારીગરો સામે નોંધાયો ગુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોનીબજારમાં સોનાના ઘરેણા બનાવવાનું કામ કરી રહેલા બંગાળી કારીગરો સમયાંતરે સોનાની ઉઠાંતરી કરતા હોવાની ઘટના સામે આવતી હોય છે ત્યારે આવો જ વધુ એક બનાવ સામે આવ્યો છે. પેલેસ રોડ ઉપર લક્ષ્મીનારાયણ જવેલર્સમાં વેપારીએ પરેણા બનાવવા માટે ૨ દિવસ પહેલાં કામે રાખેલા બે બંગાળી કારીગરોએ દુકાનમાંથી ૧૮.૧૦ લાખના સોનાની ચોરી કરતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

આ અંગેની વિગતો મુજબ રેલનગરમાં દ્વારકાવિલેજ બ્લોક નં.ડી-૧૦૦૩માં રહેતા અને પેલેસ રોડ વર્ધમાનનગર શેરી નં.૧૧માં શ્રીલક્ષ્મીનારાયણ નામથી જવેલર્સની દુકાન ધરાવતા વેપારી પ્રકાશભાઈ ભરતભાઈ સોની (ઉ.વ.૪૬)એ એ-ડિવિઝન પોલીસ મથકમાં બંગાળી કારીગર શેખ સલમાન તાહિર ઉદ્દીન (મુળ બાંકડા, પશ્ચિમ બંગાળ), મોહંમદ ઈમરાનઅલી જાકીરઅલી (મુળ બાંકડા, પશ્ચિમ બંગાળ) સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેમને ત્યાં ગત તા. ૨૬-૧૧-૨૦૨૫થી આ બન્ને કારીગરોને સોનાના દાગીના બનાવવા માટે કામે રાખ્યા હતા. પ્રકાશભાઈએ કારીગરોને ૨૨ કેરેટનું ૧૫૧,૦૨૦ ગ્રામ સોનુ દાગીના બનાવવા માટે આપ્યું હતું. બે દિવસ બાદ પ્રકાશભાઈને તેમને ત્યાં કામ કરતાં દિપેશભાઈનો ફોન આવેલો અને જણાવેલ કે, બપોરના ૨ વાગ્યા આસપાસ પોતે તેમજ કારીગરો જમવા માટે ગયા હતા. બપોરના જમ્યા બાદ ત્રણેક વાગ્યે પરત ફરતા કારીગર શેખ સલમાન અને મોહંમદ ઈમરાનઅલી અલી દુકાને હાજર જોવા મળ્યા ન હતા તેમજ બન્નેના ફોન પણ સ્વિચઓફ આવે છે. આ માહિતી મળતા પ્રકાશભાઈ તુરંત જ દુકાને પહોંચીને તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, કારીગરોને ઘરેણા બનાવવા આપેલ સોનામાંથી ૧૪૩.૯૮૦ (કિ.૧૮.૪૦ લાખ) ચોરી થયેલ છે. બનાવ અંગે પ્રકાશભાઈએ પોલીસને જાણ કરતાં એ-ડિવિઝન પોલીસ મથકના એએસઆઈ એમ.બી. જાડેજાએ આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં રિક્ષા ગેંગ ઝબ્બેઃ બે મહિલા સહીત ત્રણની ધરપકડ, સૂત્રધાર ફરાર

## વૃદ્ધાની સોનાની બગડી ચોરી સહીત બે ગુનાના ભેદ ખુલ્યાઃ સોનાની બંગડી,મોબાઈલ સહીતની મતા કબજે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જીવરાજ પાર્ક પાસે કસ્તુરી રેસીડેન્સીમાં રહેતા શાંતિદેવી બલવંતપ્રસાદ પટેલ નામના વૃધ્ધા ઘેરથી બ્લડ પ્રેસરની દવા લેવા નિકળ્યા હતા અને ઘરથી થોડે દુર નજીક મવડી પાસે બાપા સીતારામ ચોક સુધી જવાનુ હોય રિક્ષામાં બેઠા હતા તે રિક્ષામાં અગાઉથી બે મહિલા સહીત ત્રણ શખસો બેઠા હોય તે દરમ્યાન ધક્કા મુકકી શરૂ કરી હતી બાદમાં મવડી ગામ તરફના પુલ નજીક રિક્ષા ચાલકે પંચર પડયાનુ કહી વૃધ્ધાને ઉતારી દઈ નાસી ગયા હતા. બાદમાં વૃધ્ધાએ નજર કરતા હાથમાં સોનાની બંગડી ગાયબ હોય તેને પરીવારને જાણ કરી ફરીયાદ કરી હતી. જે બનાવમાં તાલુકા પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી હતી. દરમ્યાન મુસ-ાફરોના ખીસ્સા હળવા કરતી રિક્ષા ગેંગ નાના મવા પાસે આવી હોવાની માહીતીને આધારે પીએસઆઈ ઝાલા સહીતની ટીમે શંકાસ્પદ બે મહિલા સહિત રિક્ષા ચાલકને ઉઠાવી લઈ તેની પુછ્તાછ કરતા તે ત્રિકોણ બાગ પાસે ફુટપાટ પર રહેતો આરીફ ઉર્ફે ચકકી ફૈઝમહમદ શેખ,મહિલા કોલેજ ચોક પાસે ઝુપડામાં રહેતી કાન્તુ પોપટભાઈ વાઘેલા અને હોસ્પીટલ ચોક પાસે રહેતી તેજલ ઉર્ફે બાવલી દિનેશભાઈ સોલંકી હોવાનુ જણાવતા તેને વૃધ્ધાની સોનાની બંગડી અને યુવકનો મોબાઈલની ચોરી કરી હોવાનુ અને તેની સાથે વધુ એક નામચીન જામનગર રોડ પર ૨૫ વારીયામાં રહેતો નટુ દિનેશ કુવરીયા હોવાનુ બહાર આવતા તાલુકા પોલીસે ધરપકડ કરી વધુ એક નટુને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# ગોંડલમાં રોમિયોગીરી કરનાર બે શખ્સોનું પોલીસે કાઢ્યું સરઘસ





**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલમાં કારમાં નીકળીને ફોટા પાડવા કે રોમિયોગીરી કરતા હોવાનો વીડિયો વાઈરલ થટો હતો જે આધારે ગોંડલપોલીસ એક્ટિવ બની હતી. વાહન નંબર, સીસીટીવી આધારે ઓળખ મેળવી હતી. જામનગરના લાલપુર તાલુકાના ટેભડા ગામના શૈલેષ જેશાભાઈ ગોજીયા (ઉ.વ.૨૧) તથા ગેંડલના અનિડા ભાલોડી ગામના ભવ્યાંશુ કિશોરભાઈ રાઠોડ (ઉ.વ.૨૪)ને ગોંડલ પોલીસે પકડી પાડયા હતા. બન્નેને જાહેર માર્ગ પર લઈ જઈ સરઘસ કાઢીને રોમિયોગીરીનું ભૂત ઉતાર્યું હતું.